५२५४

श्री अष्टापदादि महोत्सव वर्णन.

तथा

श्री जिनेश्वरोनां रसिक स्तवनो.

रचनार तथा प्रसिद्ध करनार.

जैनशेवक.

ગીરધરલાલ વિ० હેમચંદ. મુ. પાટણ.

દોહરો.

પંચમકાળે પ્રાણિને, પરમ ધરમ આધાર;
યથા શક્તિ નહિ ગોપવે, ધન્ય તેહ નરનાર. ૧

અમદાવાદમાં
ખાનકોરને નાકે ધાંચીની વાડીમાં
એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટિંગ પ્રેસમાં
શા० નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યું.

ત્રણ આના.

અનુક્રમણિકા.

અરજ પત્રિકા.

શ્રી ભવાંભોધિ યાન સર્વજ્ઞ જ્ઞાન આશ્રિત શ્રીસંઘ.

તથા

દયા, અને, દેશવિરતી, સુમતા—સ્વદારના, દિલદાર, સમસ્ત સદગુણ મણિહાર, શ્રૃંગારના, સજનાર, સજ્જનો, ને હું અપાર, અને પવિત્ર પ્યારથી, બહુ માન તથા જય જેનેંદ્ર પુર્વક, પ્રણામ કરી નમ્રતાથી, અરજ ગુજારૂં છું કે, આ (અષ્ટાપદાદિ મ્હોત્સવવ૦) મ્હેં.અષ્ટાપદાદિ મ્હોત્સવ કરનાર, સદ્‌ગ્રહસ્થની વિના *મરજીથી પ્રસિદ્ધ કર્યું છે તે એટલાજ માટે કે, જાગૃત જૈનોદ્યોતને, જગતના જનોને, જણાવી જરૂર જૈન ધર્મની પ્રશંસા વૃદ્ધી પાંમવા માટેજ (તથાસ્તુ)

આશા છે કે આપ સજ્જનો આ પુસ્તકમાં મ્હારી મંદ બુદ્ધિના યોગવડે ભૂલ જાણો તે મ્હારા પર ક્ષમા કરી માફ કરશો. અને સુધારી વાંચશો. તથા કૃપા કરશો, જેથી હું અપુર્ણ ઘટ સાદૃશ્ય, તે જૈન જ્ઞાનમાં વિશેષ વૃદ્ધી પામું અને મનો વાંછિત સાધું (તથાસ્તુ).

લી૦ હું છું
આપનો શેવક.
ગિ૦ હે૦

---

* ધર્મ કરણી કરનાર આત્માર્થીઓને પોતાની પ્રશંસા જગતમાં વધારવાને પ્યાર હોતો નથી કારણ કે ફક્ત કિર્તીનોજ લાલચે ધર્મ આચરે તે ભવાભિનંદી જીવની પંકિતમાં ગણાય.



આ પુસ્તકમાં રચેલા અષ્ટાપદ મહોત્સવ વગેરે કૃત્ય કરનારના વર્ણનના ઢાળની મનોહર માળની.

अर्पण पत्रिका.

રા. રા. શેઠ પુરૂષોત્તમદાસ વિ. પોપટભાઇ. ખંભાત.

"સ્રગ્ધરાવૃત્ત."

સ્મરતી શ્રી સ્થંભણા પાર્શ્વ જિનપતિ નમઃ શ્રેયઃ આનંદ કર્ત્તા,
દાસોના સર્વ પાપો પ્રક્ષય કરી પુનઃ દુઃખ દૌર્ભાગ્ય હર્ત્તાઃ
તે સ્વામીની વધારે ચિતથિ પ્રિતિ કરે સુદ્ધ સિદ્ધાંત શ્રદ્ધા,
જેનાથી સ્થાર અર્થો પરમ ધરમના લક્ષણે જેહ લદ્ધા.* ૧

"ગીતી છંદ."

તે 'પુરૂશોત્તમ" જાણી, ધર્મ સ્નેહથી આ પુસ્તક તમને;
કરૂં અર્પણ હું પ્રીતે, સ્વિકાર કરશો જરૂર અમુલ્યને. ૨
જેથી મંગળ વૃદ્ધી, સુખ સૌભાગ્ય સદાયે આવિ મળે;
લાભ અનંતો થાયે, "ગિરધર" નિત અધિકો આનંદ રળે ૩

સંવત ૧૯૪૯. જેઠ શુદ ૧૫

લિ૦ શુભેચ્છક.
ગિરધરલાલ હેમચંદ.
મુ૦ પાટણ.

---

* પામ્યા.

વાંચન વર્ગને વ્હાલું વિવેચન.

કુંડળિયો.

વાંચો આપ વિવેકથી,* સમજો સઘળી રીત;
સાપેક્ષિક વચનો તણો, ખ્યાલ કરો નિજ ચીત.
ખ્યાલ કરો નિજ ચિત્ત, રીત ત્યારેજ જણાસે,
અર્થ ધરો સુવિનીત, દ્રવ્ય ભાવેથી મનાશે;
સુલટું સમજે જેહ તેહને કાંઈ નથી વાંચો,
ગુણીયલ વાંચન વર્ગ, આપ વિવેકથી વાંચો. ૧

દુહો.

સુકવિ વિબુધ સુગુરૂ તમે, મુઝપર કરજો વ્હાલ;
દોષ માફ કરો કાર કૃપા, નમી કહે ગિરધરલાલ. ૨

---

* આ પુસ્તકની આશાતના કરવી નહી અને રખડ-
તું પણ મુકવું નહી. તથા ચિત્ત દેઈ વાંચી સદ્દવિચાર કરી
સ્વધર્મમાં મન વચન કાયાનું છતુ બળ ગોપવવું નહી એ
કલ્યાણ મેળવવાનો સરલ ઉપાય છે.

૫૨૬૪

श्री परमात्मने नमः

अथ अष्टापदादि महोत्सव वर्णन प्रारंभ.

મંગલાચર્ણ.

" સાર્દુલ વિક્રીડિત વૃત્ત "

"શ્રી શાન્તી" પ્રભુપાદ પદ્મ પ્રણમું પ્રારંભમાં સ્નેહથી,
સૌભાગ્યોદય પુર્ણ મંગળ સદા શાન્તી કરે તેહથી;
સ્વામી " સ્થંભણ પાર્શ્વને પ્રણમતાં આનંદ થાયે અતી,
સંપતી સુખ કિર્તિ સંતતિ વધે, રૂડી પ્રભુની સ્મૃતી, ૧

દોહરા.

અરિહંતાદિક પંચના, પદ પ્રણમુ ધરી ભાવ;
વંદુ શ્રુતનિધિ શ્રુતસુરી, સદગુરૂ ભવજળ નાવ; ૨
કરજોડી કહું વિનયથી, મુજપર કરો સુ પસાય;
જીમ પ્રવચન ગુણ પદ્યથી, ગાતાં વાંછિત થાય. ૩

"જીહ્વાપ્રતિ ઉક્તિ" (સાર્દુલ વિ. વૃત્ત.)

જિવ્હા જન્મ વિશે ચરે અતિઘણો, જુઠો લવારો લવે,
વાંકી વાણિ વિષે વિવાદ વદવા, વેગે વધુ ફોરવે;
પોતાનેજ પ્રસંસી ને પરતણી નિંદા ન કાંઈ કરે;

આત્મારાજ પુષ્પાકુતાં નિજ ગૃહે મંજારી આડી ફ્રે; ૪

"ગીતિવૃત તાલ લાવણી"

રસના રોજ રમંતી, પર પરિણુતી સાહેલીની સંગે;
અસંતોષની ભૂખી, રાચી અસત્ય અસોચના રંગે; ૫
રસવતિ અતિશય સ્વાદે, ષટરસ વિગય ભખી ગુણુ સંહારે;
તોપણુ તૃપ્તી ન પામી, ખરેખરી વહાલી વેરણુ મ્હારે.
પણુ પુન્યોદય પ્રગટયો, પવિત્ર થાવા પ્રવચન સ્તુતિ આણુી;
સંવર સાથ સુખેથી, રમણુ કરી લે પ્રકાશ શુભવાણુી; ૭
જિન આનારાધકની, ભક્તિ તથા ગુણુ ગીત ગાન કરવું;
તે પણુ બહુ પુન્યેથી, વચન વડે વર મંગળ પદ વરવું. ૮
ધન્ય ભાગ્ય મુઝ જાગ્યું, અનુમોદન ફળ રસ અમ્રત વરવા,
સદગુણિના જશ ઝાઝા, જરૂર યુક્તિથી જગ જાહેર કરવા. ૯

"શાસનપતી વર્ધમાનસ્વામીને વિજ્ઞપ્તી"

દોહરા.

શાસન નાયક વીરને, વંદુ વિનય સહીત;
નિરમળ બુદ્ધિ જિગ લહું, સરવ કારજે પ્રીત. ૧૦
કરજોડી કરૂં પ્રાર્થના, આપ જિનેશ્વર પાસ;
યાચું હું વર બોધ બીજ, સફળ કરો મુજ આશ. ૧૧
ગુણુ ગાવું પ્રવચન તણુા, જે વરતે તુજ આણુ;
તેહ સંઘ સૌભાગ્યનું, સ્થાનક નિશ્ચય જાણુ. ૧૨
બીજું જે કોઈ પ્રાણીયા, તત્વ વિના ભરિ હામ;

ધર્મ મર્મ વિણુ કરે ક્રિયા, તેનું નહિ અહિં કામ. ૧૩
વળિ એમાં આગાર છે, મ્હારે હે જિન દેવ;
હું અજ્ઞાને આગળો, જાણો જે મુજ ટેવ. ૧૪
પણ નહિ તુમવિણુ માહરે, અવર કાંઇ આધાર;
નિયત કર્યું આ મન વિષે, તુજ ગુણુ અપરંપાર. ૧૫
બાલ્ય મતીથી બોલતાં, લાગે જે કાંઈ દોષ;
માફ કરો તે માહરા, કૃપા તણાકો કોશ. (ભંડાર) ૧૬

ઢાળ ૧ લી, "ગોકુળ મથુરાંરે વ્હાલા" એ દેશી.

શ્રી જિન વાણીરે પ્રાણી સદગુરૂ મુખથી અમિરસ ખાણી,
સુણજો શ્રોતારે સ્નેહે, પ્રબળ પ્રમાદને પરિહરિ દેહે; એ આંકણી
પરમ ધરમ છે જો પ્યારો, તો શુધ તત્વનિ પરિણુતિ ધારો;
દ્રવ્ય ક્રિયાથીરે આવો, સુદ્ધાતમ ઉપયોગ ધરાવો, સુ. ૨
તો મિથ્યા તમ રે નાસે, સમ્યગજ્ઞાન દિણુંદ પ્રકાશે;
શું પછી બાકીરે શાણા, જો પાંચે આશ્રવ રોકાણા. સું ૩
સંવર જોગેરે લાધે, શિવનારી વશિકર્ણુ તે સાધે;
ઉચિત કરણિયેરે આવે, સુદ્ધ સ્વરૂપનિ જોત જગાવે સુ. ૪
ઇમ સદગુરૂજી રે ભાખે, જે નિજ મનમાં દંભ ન રાખે.
તે સુણિ જેનુરે રસિયું. ચિતને ધર્મ વિષે ઉલ્લસિયું. સુ ૫
નિજ શક્તિનેરે નિરખી, વિશેષ ધર્મ ક્રિયા કરે હરખી;
એ જન વિરલારે વ્હાલા, જેને નહી આડંબર ઢાલા. સુ ૬
તે પુન્યવંતારે પ્રાણી, ગુણુ લાયક સદ્ગ્રહસ્થ જાણી;
પ્રસિદ્ધ પદનેરે કરવા, કહિયે સાચી શ્રદ્ધા ઠરવા સુ. ૭

ભરત ભુમીમાંરે ભણિયે, ગુર્જર દેશ તે આર્યમાં ગણિયે;
સવિજન પદથીરે સારો, સોરઠ બાન્ધવ પાસે પ્યારો સુ. ૮
પ્રાચિન નિવસેરે તેમાં, સુંદર સ્થંભ નયરછે એમાં;
વરણન શું કહું રે વયણે, શોભા ચિત હર જોતાં નયણે; સુ. ૯
સ્થંભણ સ્વામીરે સાચા, મણિ મય મૂર્તિથી સુરનર રાચા;
છે નહિ મહિમારે છાનો, જય તિહુઅણથી પ્રગટ પિછાનો સુ. ૧૦
ચિંતામણિ સમરે દાતા, પાર્શ્વ પ્રભૂ ત્રિભુવન જન ત્રાતા;
સંઘને મંગળ જયકારી, ધર્મ સ્થાન પુરમાં બહુ ભારી સુ. ૧૧
છે જૈનશાળા રે પાસે, ગુરૂ મુખ ધર્મ સુણે ઉલ્લાસે;
શ્રાવક સદગુણીરે વસતા, પાપ કરમથી રેહેતા ખસતા સુ. ૧૨

ઢાળ બીજી

"રંગ રસિયા રંગ રસ બન્યો મનમોહનજી. એ દેશી"

તસ નગરે દીપક યથા; ધન એ ધનને

એતો ધર્મતણો સ્થિર સ્થંભ દિલ દીઠે ઠરે ધન એ૦ એટેક.
આથવા જાણો સંઘમાં ધ૦ પુન્યવંત ભદંત અદંભ દિ૦ ૧
વૃદ્ધ શ્રીમાળી જ્ઞાતિમાં ધ૦ સમકીતવંતા સદગ્રહસ્થ દિ૦ ધ૦
યશ ઐશ્વર્ય પ્રતાપથી ધ૦ જે સવિ વાતે સમરથ્થ દિ૦ ૨
પ્રેમચંદ કુળ સુપુત્ર તે ધ૦ અમરચંદ આણંદ દિ૦ ધ૦
જિન ભક્તોના પ્રેમમાં ધ૦ જેનું મન અમર આનંદ દિ૦ ૩
દાનાદિક ચઉ ધર્મમાં ધ૦ ધરે વિર્યાચાર ઉલ્લાસ દિ૦ ધ૦
સુયશ 'અગરશેઠ'તે થકી ધ૦ અભિધાન જગતમુ પ્રકાસ દિ૦ ૪
ધ્યાન ધરે પરમેષ્ટીનું ધ૦ જેથી સૌ સિદ્ધી થાય દિ૦ ધ૦

ગુરૂ મુખથી શ્રુત સાંભળે ધ૦ ધરિ વિનયનિતી નમી પાય.૫
નિજગૃહે શ્રીજિનવરતણું ધ૦ દેહેરાસર અતિ અભિરામ દિ.
સંભવનાથ સુહંકર ધ૦ મુળનાયક સુરપતિ સ્વામિ દિ. ૬
શાન્તીકરણ જિન સોળમા ધ૦ વળી શાસનપતિ વર્ધમાન દિ.
પાર્શ્વપ્રભુ દરિશણ થકી ધ૦ નિશ્ચે ગળે અવિચળ દાન દિ. ૭
ભુવન આરિશા ભરતનું ધ૦ વર્ત્તમાનમાં જાણો સોય દિ.
જોતાં ચિત ચોટી રહે ધ૦ જિન નમતાં વંછિત હોય દિ. ૮
કનક કળશ પંચામૃતે ધ. ભરી સ્નાત્ર કરે હમ્મેશ. દિ.
સિદ્ધચક્રની સેવના ધ. અડવિધ કરે ભાવ વિશેષ દિ. ૯
ઉત્તમ સાતે ક્ષેત્રમાં ધ અગણિત ધન વાવરે જેહ દિ.
નરભવનો લ્હાવો લીએ ધ. બહુ ધર્મ વૃદ્ધિ કરે તેહ દિ. ૧૦
જસ સુત વડિલ વિમળમતી ધ. શ્રાવક ગુણ સુરતરૂ કીર દિ.
તિમ વ્યવહાર નિતી વિષે ધ. જે દક્ષ અને ગંભીર દિ. ૧૧
'પોપટભાઈ' પ્રખ્યાતછે ધ. વળી ભ્રાત 'પિત્તાંબરદાસ' દિ.
પણ થઈ ધર્મના દાસ તે ધ. લહી સંઘમાં બહુ સ્હાબાસ દિ. ૧૨
પાદલિપ્તપૂર મંડણો ધ. સિદ્ધાચળ તીરથ રાજ દિ.
દ્રવ્ય બહુ તસ કોરાનુ ધ. મેળવિયું પુન્ય સમાજ દિ. ૧૩

" દ્રુતવિલંબિત વૃત "

નિયમ ચૌદ ધરે નિત જે વળી, વિમળ ભાવ સુપુણ્ય ખિલી કળી
અથિર "ધર્મવિના" સવિ જે ગણ્યું, પરમ જ્ઞાન અનુભવને ભણ્યું ૧
સુકુળ દીપક કસ્તુર ભ્રાત છે, મદન રૂપક જેહ વિખ્યાત છે;
સુગુણ શ્રાવકના શુભ સાજથી, નજરે ભર કરુણાભર નીરથી. ૨

"ત્રોટક વૃત"

ઠક્ક ભ્રાત પ્રિયંકર "ઠાકરશી", નિજ ચિત્ત વિષે મતી ધર્મ વસી;
જિન ભક્તી વિષે મનતૃપ્તિ લહે, સ્થિરતાથી ઘણા ગુણ ગૌણ ચહે ૩

"ઈંદ્રવજ્રાર્ધ વસંતતિલકા વૃત્ત"

સ્વધાર્મિનો સ્નેહ અપૂર્વ જાણી,
ભક્તી કરે જેહ સુગુણ ખાણી;
ભાઇ લઘુ "છગલસી" કહિયે ભલેરા,
બોલે ઘણા સુજશ જેહ તણા અનેરા. ૪

ગીતી " લાવણી "

એ પાંચે મણિ રત્નો, લક્ષ્મી ગહાસતી રૂપ સુકુળ નગમાં;
"અમ્રતમાતા" કુખે, પ્રગટયાં પુન્ય રવિ કિરણો જગમાં ૫
ગિરિજા* નામે જેનું નામ તાસ કુખે અતિ પુન્ય પતી;
પ્રગટ સુલક્ષણતાથી, રત્ન સમાન સુપુત્રની સુદ્ધ મતી. ૬

દુહા.

"પુરૂષોત્તમ" નામે ભલા, પોપટભાઈ તનૂજ
ગુણનિષ્પન એ નાગ છે, જાણે સર્વ મનૂજ. ૭
"વિજયચંદ્ર" કસ્તુર તનૂજ, વિમળ વિશુદ્ધી વિચિત્ર;
સંગીત રસિક કળા તથા, ધર્મ પ્યારસુ પવિત્ર. ૮

(ગીતી લાવણી)

"ન્હાનાલાલ" વિચક્ષણ, "દલસુખ" દિલખુસ સહુનું કરનારા,
"ઉજમસી" ઉદયોગી, "મણીલાલ" ને "પનાલાલ" પ્યારા;

---

* પાર્વતી.

શિવ અર્ધાંગના નામે, વડિલ વધુ શિવવહુ મેળવવાને,
જે 'પરલોક' પધારી, બે સુત રત્ન યત્ન કરી શુભ ધ્યાને

"લલિતવૃત્ત."

અધિક દંપતીની ઉદારતા, દરપ દુષ્ટને જે વિદારતા;
"પ્રસનબા" તણે ધર્મ પ્યારછે, શિયળનો સજ્યો વર શૃંગાર છે.

"ભુજંગીવૃત્ત."

શુચી શીળથી જેહ સૌભાગ્યવંતાં, મુખે પ્રીતિ વાણી ગભૂરી વદંતાં ૮
કરે ધર્મિ? ભક્તી રૂડા ચાલ ગ્રેર્યાં, ભલાં માજી આંબા વિજેચંદ કેરાં. ૯

"મનહર છંદ."

વિચક્ષણતાથી સદાચાર જે સંસારમાં છે,
તે બધાને પાળે પોતે વધૂ ભાગ્યશાળી તે;
"સાંકુબા" સ્વરૂપ ગુણે ધરે નવ પદ ધ્યાન,
જેથી થાય પોતે જગ સર્વ સુખવાળી તે;
પુન્ય ભુપે પ્રસન્નતા પૂરી કરે "સગરત,"
બાઇ પણ વડું વધુ પુન્યશાળી ભાળી તે,
ચંચળ ચંચળ બેન વધુ "ધુળી" ગુણ જોતાં,
ભદ્રક સ્વભાવી સ્હેજે ભાગ્યમાં વિશાળિ તે. ૧૦

દુહો.

એ નિજ ઘર પરિવાર છે, શેઠ°તણો સુપવિત્ર;
વળી સુબુદ્ધીના પતી, શેઠ તણા છે મિત્ર, ૧૧

"ગીતી"

શાહ ઝવેર તનુજ જી, જબરી ડાહાપણુ ઝવેરાત ઝાઝી;
તે સહુ કાર્ય સુધારે, શેઠ તણો યશ દિપાવવા રાજી. ૧૨
ઘણાં આપે હિત શિક્ષા, શ્રોતા સજ્જન રીતે ચિત ધારે;
તે નિજ કાર્ય સુધારે, નિરમળ સુખને દિન દિન વીસ્તારે. ૧૩

હરિગીત વૃત્ત.

જ્ઞાતી લઘુ શ્રીમાળીમાં, શ્રીમંત તે સહુ ગ્રહસ્થ છે,
છે શેઠ મિત્ર પવિત્ર મનના સહુ વિચાર સમરથ છે;
વિવેક વંત વળી વિચક્ષણ, ધર્મ પક્ષ સુચાલ છે.
સૌ કાર્ય આગેવાન શેઠ પ્રધાન "છગન દલાલ છે." ૧૪

ગીતી.

શેઠ તણા સસનેહી, મ્હોટા કામે મુદતગાર સારા;
"મુળજી" પુત્ર પ્રતાપી, વૈભવવંત ધીમંત પ્રભુ પ્યારા, ૧૫
જિન પૂજાદિક કરણી, ઉતમ ભાવે ભવ ભય રણછોડે;
ધન્ય તેહ શ્રાવકને, ત્રિકરણ જોગ સુધર્મ વિષે જોડે. ૧૬
તે "રણછોડ" સુનામે, નગર વિષે દીપતા દયા દિલમાં;
ન્યાય સુબુદ્ધીવાળાં, ધર્મની લેસ્યા વર્તતી અતિ મનમાં ૧૭

દુહા.

ઇત્યાદિક પરિવારથી, સુખમાં રહે સદાય;
તસ મન ટેવ અભ્યાસથી, પ્રગટ સુબુદ્ધિ થાય. ૧
શોભા જિન શાસન તણી, વધારવાને હેત;
અષ્ટાપદ રચના તણા, અષ્ટોત્તરિનો વેત. ૨

પિસ્તાળિસ આગમ તણું, ઉજમણું કરે જેહ;
મ્હોત્સવ મ્હોટો માંડિયો, ધન ધન જગમાં તેહ. ૩
દેશ વિષે સવિ શ્હેરમાં, ને વળી ગામો ગામ;
કંકોત્રી લખી મોકલે, હૃદય વિષે ધરી હામ. ૪

રાગ માઢ. દાદરો. વીરા વેસ્યાના યારી એ રાહ.

વ્હાલા વાંચી સ્વિકારો વેગે પધારો ધર્મ સ્નેહી મ્હેરબાન,
જિન સાસન સારો આ દુઃષમ આરો દીપાવા માગે ધર્મ૦ એ ટેક;
શાઃ શ્રી પંચ અનેક શુભ, ઓપમા લાયક આપ;
સુ શ્રાવકના ગુણે કરી, જિન પૂજી નિવારો પાપ
જૈન ધર્મ પ્રસારો, મિથ્યાત્વ ગમારો, વેગે પધારો ધ૦ ૧
ત્રણ તત્વ સુ પસાયથી, છે અત્રે અવિચલ ક્ષેમ;
લખીતં ખંભાત શ્હેરથી, અગરચંદ ધરી પ્રેમ.
સંઘ, શેવક પ્યારો જાણો તમારો વેગે પધારો ધ૦ ૨
અષ્ટાપદ રચના તથા, પિસ્તાળિસ સિદ્ધાંત;
ઉજમણું અમે આદર્યું, વળી અષ્ટોતરી જિન સ્નાત્ર
આ પ્રસંગ છે સારો શોભા વધારો વેગે પધારો ધ૦ ૩
કુંભ સ્થાપન દશમિ તિથી તે દિન આવસો અત્ર;
સ્વામી ભ્રાતને સમર્પણ, અમે પ્રેમથી પાઠવ્યો પત્ર.
ઉરમાં અવધારો આળશ વારો વેગે પધારો ધ૦ ૪
કંઇ ન્હાનું કહુ વિનયથી, થોડું તે ઘણું જાણિ;
હેજે લગાડશો આ લખ્યું, મ્હારા વ્હાલા છો સર્વ સુજાણ.
વેગે આવવા માટે પ્રમાણ; તજો બિજા વિચારો
વિનંતિ સ્વિકારો વેગે પધારો ધ૦ ૫

દુહો.

સંવત્સર વિક્રમ તણો, અંક વેદ નવ ચંદ;
માહા વદી ૧૩ની મતી, લી. પોપટ અમરચંદ. ૧
તણો બહુ સન્માનથી, વાંચશો જય જૈનેંદ્ર;
પધારવાથી જૈનની, વધે ઉન્નતી આનંદ ૨
સોનેરી અક્ષર વડે, યત્ન કરી લખી તેહ;
વાંચી સંઘ ગ્રહસ્થની, થઈ પ્રફુલિત દેહ. ૩

ઢાળ—હાંરે મ્હારે ઠામ ધરમના સાડા પચવિસ દેશજો એ દેશી
હાંરે મ્હારે કંકોત્રીથી મળિયો સંઘ ખંભાતજો,
નર નારી બહુ મળિયાં નવ નવાં ગામનારે લોલ;
હાંરે મ્હારે મરૂધરનાં કેઈ સુરતી શ્વામી ભ્રાતજો,
મુંબઇ વાસી કચ્છી કેઈ ગુજરાતનારે લોલ ૧
હાંરે મ્હારે કેઈ દુર દેશાંતર દક્ષણથી આવ્યજો,
મળિયા માહાજન મન હરખંતા મોજથીરે લોલ;
હાંરે મ્હારે કેઇ ઘોડે ચઢી કેઇ રથ જોડી લાવ્યજો
પાળાંનો નહિ પાર પધારે ફોજથીરે લોલ. ૨
હાંરે મ્હારે કેઇ રંગીલા રઢીયાળા છોગાળાજો,
છેલ છબિલા ભાગ્યવંત મ્હોટા મળેરે લોલ;
હાંરે મ્હારે દિલમાં દુબંગ કેઇ વળી દુંદાળાજો,
રૂપાળા કેઇ રંગ રશીલા એ સ્થળેરે લોલ. ૩
હાંરે મ્હારે "પોપટભાઈન" કહે "પિતાંબર"દાસજો,
પચવિસમો તિર્થંકર બેઠો ભાવથીરે લોલ;
હાંરે મ્હારે હરખ્યા મનમાં માત પિતા સહુ ભ્રાતજો,

જાણે જિમ આળશુ ઘર ગંગા પુન્યથીરે લોલ. ૪
હાંરે મ્હારે પુન્યોદયથી સંઘ પધાર્યો સ્નેહુજો,
હર્ષિત હૃદયે ગણાતા બહુ સન્માનથીરે લોલ;
હાંરે મ્હારે કંચન રવિ પ્રગટયો પય વુઠયા મેહજો,
શેઠ કહે કરો ભક્તી એ સમ કંઇ નથીરે લોલ. ૫
હાંરે મ્હારે સ્વચ્છિક રેહેવા આપ્યા સહુને મકાનજો,
સૈની સાથે ધર્મ સ્નેહ વધતા થતારે લોલ;
હાંરે મ્હારે વિમળમતી પતી ઉચીત અવસર જાણુજો,
જે અવસર સોમે તે કાર્ય સુધારતારે લોલ. ૬
હાંરે મ્હારે નિમંત્રણ કરી પંગતમાં પિરસાવેજો,
રસવતી વિવિધ તરેહુની નવ નવાં સાલણાંરે લોલ;
હાંરે મ્હારે સાકરના શીરા વળી દાળ આણાવેજો
શાક પાકને ભાત કડીમાં નહી મણારે લોલ. ૭
હાંરે મ્હારે ભોજન ભક્તી ભલીપરે સાચવતાજો;
નિત નવી સુખડી સ્વાદ અપાર, ઘૃતે ભરીરે લોલ;
હાંરે મ્હારે સકળ જનો જમી સુજશ ઘણો બોલતાજો;
શું કહું તારીફ જગમાં કિરતી વિસ્તરીરે લોલ, ૮
હાંરે મ્હારે પત્ર લખી જિન જાચકને તેડાવજો,
પ્રેમ સહીત તે આવે પુષ્કળ હર્ષથીરે લોલ:
હાંરે મ્હારે ત્રણ કાળ જિન ભાવ પુજા સ્તવ આંગેજો,
શુભ મંગળ વદના સ્તવતા જિન ગીતથીરે લોલ ૯
હાંરે મ્હારે જૈનો દૃગોતે હરખ્યાં શેઠ મુરબ્બી જો.
જાંચે ભાત પ્રમુખને આનંદ અતિઘણો રે લોલ;

હાંરે મ્હારે શુભ કરણી અનુમોદન ભાવે કરતાજો;
ધન્ય કમાઈ લાભ નિતી ન્યાયી તણીરે લોલ; ૧૦
હાંરે મ્હારે ધન ધન ધન સન્માર્ગ વશી શોભાવેજો;
સફળ થાય વળી મનની સુદ્ધ વિચારણાને લોલ;
હાંરે મ્હારે સ્વામી ભારતી વર્ણન ગિરધર ગાવે જો.
ઓછવ મંગળ નિત નિત રંગ વધામણાને લોલ. ૧૧

દુહા.

રંગ ભુમી રળિયામણી, કીધી ઝાકઝમાળ.
મંડપ રચના અતિઘણી, તે વર્ણન શુ વિશાળ. ૧

ઢાળ,—'લીલાવતીએ લખી મોકલ્યોરે" એ દેશી.

કુંભ સ્થાપન કરયું શુભ ઘડીરે, ફાલ્ગુણ દસમી સવાર.
સુદ્ધ વિધિ સિદ્ધાંતમાંરે, કરે હરખ વિષે ધરી પ્યાર
મંગળ વદે માનની, સજી શોભતા શોળ શૃંગાર. મં૦ ૧
મંડપ બેઠી ગજપતીરે; કોકિલ કંઠ રસાળ;
નયણે નિહાળી વરણવેરે, એ તો મંડપ શોભા વિશાળ મં.
ગીત ગાયે મળી સ્વરતાળ મંગળ ૨
છાત જડી અતી શોભતીરે, હાંડી ઝુમ્મર જાત
ચોફેર તકતા ચળકતારે, માંહે દીસે છબી ભાતભાત. મં
જાણે દિલ્હી અપુરવ ખાત મંગળ૦ ૩
સ્થંભ માનું મણિએ જડયા રે; કોરણી પત્ર પ્રધાન;
પુતળિયો જયુ પુરંદરીરે, સહુને મન પ્રીતી નિદાન મં.
ઘણે દામ શોભે છે કમાન મંગળ૦ ૪

સમ્યગજ્ઞાન નમો સદારે, જે વિણુ કિરિયા ફોક;
લોકાલોક પ્રકાશજેરે, આપે સિદ્ધ ગતી ગત શોક મં.
જેથી થાય ક્રિયા ફળરોક. મંગળ૦ ૫
તે આરાધક નર તમોરે, જેહ કરી બહુ માન;
જ્ઞાન ભકિત કરે ધન્ય તેરે, પામે નિશ્ચયે પરમ નિધાન મં.
કરે શિવ સુખ અમિરસ પાન મંગળ૦ ૬
આતીકાળે જે કર્મનોરે અજ્ઞાને ક્ષય થાય;
તે એકજ્ઞાનવિચારથીરે, સાસો શ્વાસ વિશે દુર જાય મં.
જેથી મિથ્યાત્વ મેલ મંગળ૦ ૭
તે આ પીસતાળીશ સુત્રનારે, જ્ઞાનો પગરણ સાર;
છે બહુ ક્રિગતી શોભીતારે, જેનું તેજ જિસ્યો દિનકાર મં.
જે આ દુઃશમ, કાળે આધાર મંગળ૦ ૮
અષ્ટાપદ આપદા હરેરે, તે રચના જુઓ એહ;
સમનાશા જિન ચિહું દિશેરે, માનુ ઓપમ શિવપુર ગેહ મં.
ધ્વજ કળ શિખર શોભે તેહ મંગળ૦ ૯
તેરમ જિન પ્રભૂ સ્થાપિયારે ચતારી આઠ દસ દોય;
એ ચોવિસ તિર્થંકરરે, જેનું દરિસણ સુખકર હોય મં.
વળી દુઃકૃત મેલ તે ધોય. મંગળ૦ ૧૦
જળ નિધિ જગરો જળ ભર્યોરે, વળિયો વળયા કાર;
મચ્છ કચ્છપાદિક જળ તણારે, પ્રાણિ દિસતા અપરંપાર મં.
ચઢે જળ કલ્લોળ બહુ ઠાર મંગળ૦ ૧૧
વ્હાણુ દીસીવીદિસી ફરેરે, પણ નહિ દરિશણ થાય;
લબ્ધીધારક મૂનિવર ચઢેરે, જેમ ગૈતમ ગણધર જાય મં.

તથા હોય જો દેવતા સહાય મંગળ૦ ૧૨
અનુપ રચના ઓપતીરે. અષ્ટાપદ ગિરિરાય,
ચતુરનાં ચિત ચોટી રહેરે, જોતાં નર ભવ સફળો થાયગં.
પ્રાએ પાપ અગાપ પળાય મંગળ ૧૩
એક જીભે કયમ વરણવુંરે, શોભા કહી નવ જાય;
ભાગ્યશાળિ ધન વાવરેરે, તેનો સુજશ દશે દિસી ધાય ગં.
કહે ગિરધર જય જય થાય મંગળ૦ ૧૪

દોહરા.

બે જણુ આઈ પ્રવાસની, દરિશણ કરતાં તેહ;
વાત પરસ્પર ઉચ્ચરી, એક કહે સંદેહ. ૧

પેહેલી—(રચના જોઈને) "આમ શું કરે છે ગાલિ રજનો એ રાહ
આ! શું!!! સખી ગિરિવર શિખર છે જિનઘર;
ઘર જીનવર સુર નરવર મનહર અંદર નજર કર.
નમાવ્ય કટિ શિર, આ શું સખી. (એ આંકણી.)

બીજીસખી—એતો અષ્ટાપદ ગિરી ઉમ્મરમાં નથી જોયો.
તે આ બેની જોને પાપ ખોને પ્રદક્ષણા કરય;
ચો મુખ ચોવિશ જીન પદને નમન કરય.
ભવસાગર જળ તરય તરય. ૧

બંને—ધન્ય ધન્ય!!! ધન્ય ભાગ્ય ભેટયા ભવ ભયહર;
ભવ ભય હરણ સુખ કરણ દરસ ઠરણ ચિત્ત,
ચેતિ આજ પવિત્ર જનુ કરય. ધન્ય; (એ આંકણી.)
મંદર મંદિર સમર સુંદર સોભિત ચૈત્ય,
મંદોદરિ રાણી નાચે પાયે વાજે નેપૂર.

આજો વળી વિણાદિ વજાવે દસકંધર,
અખંડ ભકતીથી થશે જીનવર; ધન્ય ધન્ય૦ ૨
પર્વત વિલોકય શિંહ, નિકળે કંદર થકી,
પાણી ઝરે પ્રાણિ ફરે રિંછ રોઝ વાનર;
અપાર વૃક્ષોને તપ કષ્ટ કરે યોગેશ્વર.
શ્રમવિણ વૃથા કહે હરિહર, જયવરે સમકીતી નર કહે ગિરધર.

"ગીતીલાવણી"

કુંભ સ્થાપનને દિનથી, સર્વ વિધિ સિદ્ધાંત થકી દાખે,
શાહ ગુલાબચંદ તે, યોગ્ય સ્નાત્રીયા સ્વાધિનમાં રાખે. ૧
એ અગ્રેસરી તે પણ, વડિલ પ્રધાનકે શેઠ તણા સ્નેહી,
ઉચિત ક્રિયા આચરતા, લગન સુદ્ધીથા મૂહુર્ત્ત શુભ લેઈ. ૨
નિત નિત ભણાય પૂજા, વિવિધ રાગ છત્રીસ મધુર સ્વરથી;
[1]વિલાયતીને દેશી, ઘણાંક વાજાં મળિયાં પ્રવાસથી. ૩
ગુણી ગવૈયા મળિયા, ગમ્મત નિશિ ગગણું વિષે કરતા.
નાટક સંગીત સાથે, રંગ ભુમિમાં સૌનાં મન હરતા. ૪

દોહરા.

એમ શ્રી જૈનોન્નતિ થકી, વધ્યા ચિત્ત શુભ ભાવ,
તેહ પ્રભાવક જાણીએ, સમકિત પ્રગટ જણાય. ૫

ગ્રહપુજા વર્ણન દોહરા.

ફાગણવદિ ત્રીજ રવી દિને, ગ્રહ પૂજાદિક થાય;

---

૧ હારમોનીયમ વગેરે,

તે વર્ણન સુણજો સહુ, લેશ થકી કેહેવાય. ૧

ઢાળ—સરસ્વતી સ્વામીને વેનવું એ ધોળનો રાગ.

સદ્ ગુરૂ પ્રણમિયે પ્રીતથી, જીમ નિજ જડમતિ જાય;
વચન વિલાસ સુશ્વર થકી, ગુણ વરણુવ ગવરાય.
ધન ધન સુદ્ધ શ્વધર્મને ૧ (એ આંકણી)
અગ્રેસરીરે શ્રાવક અહિ, મંત્ર વડે કરી વાસ;
સુદ્ધ ભુમિ કરવા ભણી, વિઘ્ન સકળનોરે નાસ. ધ. ૨
સાતે સ્મરણ સુશબ્દથી, પાઠ ભણે સ્થિર ચિત્ત;
તે પછી સ્નાત્ર જીણંદને, પૂજા વિધિ એતો નિત્ય. ધ. ૩
"કસ્તુરભાઇ" ઉલ્લાશથી, નિર્મળ જળ કરિ સ્નાન;
ભૂષણ પટકુળ પ્હેરીને, બેસે પૂજા વિધાન. ધ. ૪
નવ ગ્રહ અનુક્રમે પૂજતા, વિધિમાં શ્રેષ્ટ વિશેષ;
કેશર કસ્તુરી ચંદને, અગ્ગર પ્રમુખ આલેખ. ધ. ૫
વસ્ત્ર સવર્ણ પ્રત્યેકને, જુદાં નૈવેદ ફુલ.
ફળ તાંબુળ દ્રવ્યે કરી, પૂજે જીમ અનુકૂળ. ધ. ૬
જપ માલા જપે મંત્રની, આવ્હાહન કરી તાસ;
બળિદાનેથી સંતોષિયા, જીન ચરણે કર્યો વાસ. ધ. ૭
દસ દિસિ રક્ષણ જે કરે, તે કહિયે દિગપાળ;
આમંત્રણ કરે તેહનું, પૂર્વ વિધિએ વિશાળ. ધ. ૮
પ્રથમ આ મંગળ કારણે, નવ ગ્રહ પ્રમુખની શેવ;
અષ્ટોત્તરી વિધિ મ્હોત્સવે, આપે સુખ નિત મેવ. ધ. ૯
અષ્ટ મંગળ તે મંગળ કરે, પૂજે તે વિધિ સાથ;

જ્ઞાનાદિક જે રતન ત્રયી, વરિયા જે જગનાથ ધ૦ ૧૦
વળિ તિહાં મંગળ કારણે, શેઠ સદા પુન્યવાન;
સોના મ્હોર સુ દ્રવ્યથી, યાચકને દિયે દાન. ધ૦ ૧૧
ઇત્યાદિક જૈનશાસ્ત્રથી, વિધિ કરે વખતે ઉલ્લાશ;
અવસરે વાજિંત્ર વાજતાં, કરવા શુકૃત પ્રકાશ ધ૦ ૧૨
સુંદરી ગળી રંગ મંડપે, ગાવે મંગળ ગીત;
ગિરધર કહે શુભ ભાવથી, એ જિન સાસન રીત. ધ૦ ૧૩

દોહરા.

નગર વિષે મ્હોત્સવ તણો, સૌને હર્ષ અપાર;
ભોળી ટોળી ભાગની, આવે જિન દરબાર. ૧

ગરબીની દેશી.

અતિ ટેકરી પર આનંદ, સજની ચાલોરે;
કરે" અમરચંદ પ્રેમચંદ", મ્હોત્સવ ન્યાળોરે. ૧
ધરી સરસ ઘણા સણગાર, આપણે અંગેરે;
પટકુળ પ્રમુખ શ્રીકાર, સજીયે રંગેરે. ૨
સરખી સૈયર મળિ સાથ, જિન ઘર જૈયેરે;
વંદિ જિન જગના નાથ, પાવન થૈયેરે. ૩
સહુકરી સાહેલિયો સપ, લેજો તાળીરે;
આ કાય સુકોમળ ચંપ, સરખી ન્યાળીરે. ૪
ફરી ચક્ર થઈ તઇયાર, ફુદડી ફરિયેરે;
પ્રભુ ગુણ ગાતાં ધરિ પ્યાર, પુરાં ઠરીયેરે. ૫
છે પ્રભુ ગુણ અમૃત સ્વાદ, સહિ સુખ ચાખેરે;

આ કથન કરિહો યાદ, સૌની સાખેરે. ૬

ફુરતો ગાવાનું.

શેત્રું શેત્રું શ્રી જિન સુખકારી એ રાહ,
વારી વારી જાઇયે બલીહારી
શ્રી જિનની છબી પ્યારીરે વા૦ એ આંકણી.
અંગમાં ઉમંગ ને વધારીરે વા૦
સર્વ જગતનો નાથ નગીનો, તિર્થંકર પદ ધારીરે વા૦૧
ઇંદ્ર નમે તુમ ચરણે જિનજી, જાણી સવિ સુખકારીરે વા૦૨
ભક્ત વત્સળ પ્રભુ પાયે નમિને, લીજીયે સંપદા સારીરે વા૦૩
મંગળ કારણ વિઘ્ન વિદારણ, તારણ ભવ દધિ વારીરે વા૦૪
ગુણ અનંત પ્રભુજી કેરા, ભણતાં ભારતી હારીરે વા૦૫
વિનતીસ્વીકારો વંછીત આપો, અમને શિવ વધુ પ્યારીરે વા૦૬
શુભ મંગળ કમળા ઘર આવે, ગુણ ગાવે ગિરધારીરે વા.૭

ઇત્યાદી.

રાગ હોરી—દીપચંદી ભલે આવ્યા દર્શ ભરાણી એ રાગ.
ચકિત કરે જૈનનો ધારો, કહે મળ્યા લોક હજારો. ચ. એ આંકણી
રંગ પંચમી દિન નગર બ્હાર છે, સુંદર એક મકાન
તેહ વિષે સ્નાતક ગણિ હરખે, સુદ્ધ થતા કરી સ્નાન
ધ્યાન પરમેષ્ટી પ્યારો. ચકિત કરે.
સુદ્ધ ભૂમિ કરી સર્વ વિધીએ, શ્રી જિન સ્નાત્ર કરીને;
શાંતી કળશ કહી અષ્ટ દ્રવ્યથી, પુજે સ્થિરતા ધરીને

કરે નિજ સફળ જન્મારો. ચકિત. ૨

તે પછી નવ ગ્રહ પુજન વિધી કરે, આહ્વાન દિગપાળ;

જળયાત્રા વિધિ મહોત્સવેરે, કરતાં મંગળ માળ

તથા ભળે વૈભવ સારો. ચકિત. ૩

અષ્ટ મંગળ ને રત્નત્રયીનુ, પુજન કરે વિધિ જોગ;

તે પછી નિરમળ કુપજ કેરૂ, જળ ગ્રહવા જાય સોગ

કરે શુભ મંત્ર ઉચ્ચારો. ચકિત. ૪

જળ સુરી આરાધન કરિ વિધીગે, પુજે દ્રવ્યથી સુદ્ધ;

અંકુશ મુદ્રાએ જળ લેવે, કુંભ મુંદ્રાએ વિશુદ્ધ.

ભરે જળ કુંભ સફારો. ચકિત. ૫

વસ્ત્રથી પાણી ગળી ભરિ ઘટ તે, શ્રીફળ ઠવે તસ શીશ;

વસ્ત્ર ધરી વળી માળ કુશમની, વાસથી કુંભ અધીશ,

શોભે સુંદરિ શિર સાગે, જાણે કામ કુંભ પધારયો. ૬

દુહા.

વરઘોડો હવે સજ થયો, સાવધ થયાં નરનાર

શુભ વેળાએ સંચરે, પુર ખંભાત મઝાર. ૧

નગર વિષે એક ગ્રહસ્થની, હતી આળશુ નારય;

નિજ સખી બોલે તેહને, કાંક કરી ધિક્કાર. ૨

(સખી) (નરબળ શત્રુ સબળ રાજ પર આજ ચઢીને એ રાહ

સુંદર શોભા સાજ સજી આ નગર ભૂમિ શોભાવે છે,

જળ યાત્રા વરઘોડો પ્રભુનો અધિક ઠાઠથી આવે છે.

બેની બેઠી થા આળશ તજ, મારગ લેવાને સજ;

બેસી જશે કોક પછી કેમ તું કરે ખિરજ,

વ્હેલી તે તો પ્હેલી જોસે જિન મુખ કજ એની. ૧

(આળસણી પોતાનું આંગણું તપાસીને)

સુણ સખી આંગણે અલ્પ નથી કયાં બે શિક્ષ મારગ નથિ મળતો,
(બારી દેખાડીને)દશે હવે આ ગોખે બેસી જોશું વરઘોડો વળતો.
(સખી ગુસ્સેથી)એતો બોલી હવે જાણી ઘણી થાય શિદશાણી.
ખરી સવારની હજી સુધી શે કામે રોકાણી.
બુંડી બેસવાની જગ્યાયે ત્હારાથી ન લેવાણી. એ. ૨
આદિન પર્વથી અધિકો પ્યારો સહુકોને મન લાગે છે;
તલપુર જગ્યા ખાલી નથી સુણ નિશાન ડંકો વાગેછે.

અથ વરઘોડાનું વર્ણન.

ઢાલ—[રામલક્ષ્મણ કહે શતી સીતાને એ રાહ.)

આ સમય ધન્ય ધન્ય ખંભાતને, વદી પંચમી ફાલ્ગુણ માસ;
મંગળ દિન ખાસ, ધન ધન જીન ધર્મને. (એ આંકણી.)
વર ઘોડાનું વર્ણન વર્ણવું,
આપો સદ્ગુરૂ વચન વિલાશ, કુમતિ કરો નાસ. ધન ધ. ૧
મળ્યા નિરખવા લોક બહુ અહિ,
પરગામ તણા વસનાર, છે પૂરણ પ્યાર. ધ.
ઠામ ઠામ ટોળે ટોળાં મનુષ્યનાં,
મેઢી માળ ચઢે નરનારી, જુએ ધારી ધારી. ધ. ૨
પુર[1] પોળ ગવારેથી સંચરે,

---

૧ ખંભાતનો પૂર્વ ભાગમાં ઉત્તર સામેનો ગવારાનો દરવાજો.

ગાંનુ પુન્ય તણોજ પ્રવાહ, ભજ્યા સવિ શાહ. ધ.
સહુ આગળ સુર ધ્વજ શુભ કરે,
જેહ શ્રેષ્ટ છે મંગળ માંહ, શિતળ જેની છાંહ. ધ. ૩
અશ્વ ઉપર સુભટ શોભે ફાંકડા,
કરે સરસ નગારાંનો નાદ, કે' રાખો આ યાદ. ધ.
વળિ પાસે નિસાન ધ્વજાધરૂ,
ગાંડે નેજા ગગન થકી વાદ, તજીને પ્રમાદ. ધ. ૪
રૂડી બેઠકની મેના ગાડિયો,
ઘણી શોભા આપે ઘોડવેલ રૂડી તે રંગેલ. ધ.
માહે રાજ કુમર રૂપે ગ્રહસ્થનાં,
મોટાં બાળક બહુ સુધરેલ, ભણેલ ગણેલ. ધ. ૫
દરબાર હુકમ થકી આવિયા,
બધા સાજથી આપવા બહાર, છે વિવિધ પ્રકાર. ધ.
હેતે હયવર વહે શુભ ચાલથી,
ઘણા ઠેલ થયા અસ્વાર, ધરી હથિયાર. ધ. ૬
વાજાંવાળાની કંપનીયો મળી,
ઘણો રોફ બતાવે ઇંગ્લીશ, બજાવે છત્રીસ. ધ.
સૌને સરખો દરેશ પહેરણ વિષે,
પાળા ચાલે ઘણાજ પોલીસ, ટોપી શોભે શીશ. ધ. ૭
અશ્વા રૂઢ થઇ તે અગ્રેસરી,
બોલે શબ્દ ઇંગ્રેજીમાં છેક, સમજ્યા અનેક. ધ.
ચુણી સરખા પુંમે ઉપડે વળે;
ઉભા રે'વાની ફોજમાં એક બધાને છે ટેક. ધ. ૮

વાજે ત્રાંસાં સરણાઈ સુશ્વર થકી,
વળી આવે સામેલા અપાર, શ્રીમંત કુમાર. ધ.
રૂડાં વસ્ત્ર ઘરાણાં હીરે જડયા,
પ્હેરી સોભતાં અંગે શ્રીકાર, પમાડવા પ્યાર. ધ. ૯
ગાંડે ગજાર સજી પટ ભૂલણે,
મ્હાલે મલપતો મનોહર ચાલ છે સિંદુર ભાલ. ધ.
વાજે ઘંટ બે પાસ સુનાદથી,
વળી સૌમાં શોભે સુખપાલ, આવે ઘણો તાલ. ધ. ૧૦
વળિ વિધ વિધ વાજીંત્રો વાજતાં,
કેઈ ગંભીર મધુર અવાજ, સુણે સુખ સાજ ધ.
જેના નાદથી ગગન ગાજી રહ્યું,
ગાતુ સુજશ સુણાવાને કાજ, જ્યાં છે સુરરાજ. ધ. ૧૧
આગે આરબ શસ્ત્ર ખુલ્લાં કરી,
ખેલે લેતા પરસ્પર દાય. ઘણાજ ઉપાય. ધ.
ઉભા નિચા પડે ફરે ફુંદડી,
જોતાં સૂરા પૂગ તે જણાય, દોડતા દોડયા જાય. ધ. ૧૨
શેઠ તેડી વડોદરા સ્હેરથી,
ટોળી શ્રાવકની ધરી રાગ, ગાયે રૂડા ફાગ. ધ.
વાંકા વળીને વજાવતા વાંસળી,
સૌનાં વસ્ત્ર ગુલાબિ ટેડી પાગ જાણે ખિલ્યો બાગ. ૧૩
સહુ સાથે સરખા થઇ ચાલતા,
વાજે ઘુઘરાને નાચે નાચ, વીજા તણે તાચ. ધ.
કડી બાંધીને શસ્ત્ર કરે મલ્લાં,

હસ્ત જુદ્ધ રમ્યાનાં એ રાય, કહું સાચે સાચ. ધન૦ ૧૪
ગજિ મોટે આડંબરે અતિ ઘણે,
ઘણા વણિક વ્યાપારીની ફોજ મ્હોટી મનમોજ; ધન.
મ્હોટું મ્હાજન સાજન મલપતું,
ચાલે ઠાઠથી મંગળ રોજ, આનંદ ઘણોજ. ધન. ૧૫
ફરે અશ્વ ઉપર દીશે ફાંકડા,
સોના રૂપની છડી ગ્રહી હાથ, થયા છે સનાથ; ધન
બોલે જય જય જ્યોતિ સ્વરૂપ તું,
અવિનાશિ નિરંજન સાથ, કહે એમ ગાથ. ધન. ૧૬
સ્વર ઉંચે મધુરે સોહામણા,
બોલે સ્નેહથી સ્પષ્ટ શું બોલ, છે અર્થ અતોલ; ધન.
જિન અજર ત્રિભુવન નાથનું,
વર્ણો શાસનમણિથી અમૂલ, સૌને અનુકુળ. ધન. ૧૭
જૈન યાચક તાળ મૃદંગથી,
ગીત મધુર સ્વરે તિહાં ગાય, જ્યાં રથ જિનરાય. ધન.
અતિ આનંદે મંગળ શબ્દથી,
જેના અર્થ અનૂપમ થાય, સ્તવન સમુદાય. ધન. ૧૮
સરખી જોડ ઉડા દોય વૃષભની,
દીપે ઝુલ સોનેરીનો સાજ, મોતિનો સમાજ. ધન.
જ્યોત ઝગમગે રણઝણે ઘુઘરા,
સુણી શબ્દ તૂમી લહે કણું, નમો જિન ચણું. ધન. ૧૯
રથ રૂપામયી કનકે ધડ્યો,
જેનો ઘાટ અપૂરવ જાણુ, જુઓ શુભ ધ્યાન. ધન.

માંહે જિનવર મુર્તિથી આગળે,
જેના ભાવે ભલો ગિણે ભાણુ, જોડે સહુ પાણી. ધન. ૨૦
જિન આગળ ચમર વિંઝાય છે,
ધરે મોર પીંછ એ પાસ, કુસુમ તણી વાસ. ધન.
ધૂપ દીપ અખંડ ગ્રહી ચલે,
થાય જય જય શબ્દ પ્રકાશ, ઘણોજ ઉલ્લાસ. ધન. ૨૧
રાગણુ દીવા રૂપાનો જગણે કરે,
ગ્રહી સૌભાગ્યવંતી સુનારિ, ધરિ સણગાર. ધન.
જગ કુંભ ગ્રહી ઘણી ગોરડી,
ગાય ધવળ મંગળ ગીત સાર, સદા સુખકાર. ધન. ૨૨
એમ વરધે ડો જિન ઘરે ઉતર્યાં,
જિન પુંખે ધરી બહુ પ્રેમ, સુંદરી તજી વહેમ. ધન.
દાન દે બહુ યાચકોને ઘણું,
કરી લુંછણાં જિન પ્રત્યે તેમ, વધે જશ જેમ. ધન. ૨૩
પધરાવે પ્રભુને સિંહાસણે,
કરે ચૈત્યવંદન ધરિ ભાવ, આ જોતાં બનાવ. ● ધન.
જિન જુએ અનુભવ ગોગે લહે,
સાચો સમકીતી સહજ સ્વભાવ, તજાય વિભાવ ધન. ૨૪
એનો મેળવે ક્રોડ કલ્યાણને,
ધન્ય ધન્ય તે ઉત્તમ ભવ્ય; લહે સવિતત્વ. ધન.
કહે "ગિરધર" હું સણુ એ તણી,
કરી ભક્તી લહું નિજ શત્વ, સાધે સાચો તત્વ. ધન. ૨૫

દોહરા.

આ અભિનવ જોતાં ખુબી, મન આકર્ષણ યંત્ર;
લોક કહે વાજીંત્રનો, ભલો શબ્દ વશિ મંત્ર. ૧
અન્ય દર્શણી બાઈની, બ્હેન વસે પરગામ;
આવી તેહને ઉલટથી, સા કહે સુણુ અભિરામ. ૨
"આજ મ્હને રહેજ થયો ઉલ્લાસ એ રાહ"

બહેન હું તો બહુજ લહી ઉલ્લાસ, પ્રફુલિત અંગ મરી ગે ઉદાસ એ૦
ટેકરીપર જૈનશાળા નિરખતાં, સફળ થઇ મુજ તણી આશ એ૦ ૧
દીપકજ્યોત ઝગાહળ ઝળકે, રાત્રી છતાં જાણે સૂર્ય પ્રકાશ એ૦
દેવતણું પુર ઉતર્યુ ગગનથી અથવા વિબુધે કર્યો વાસ એ. ૨
આ આચરિજ એક અજબ જોયું, રાતણુ રાણી નાટક ખાસ એ૦
તે તો નક્કી મહા પ્રભુ આગળ, મદ દુઃકૃતનો કરવા નાસ એ૦ ૩
ધન ધન આ તન સફળ થયું મુજ, પુરણ પૂન્યે અહીંજ નિવાસ એ
ચાલ હું તુજને ઠાસે બતાવું, તેતું ભાળી મ્હને આપીશ શાબાસ.
પ્રતક્ષ ગિરધર મંદર અંદર, કમળા આવી કર્યોછે નિવાસ એ૦ ૫

અથ અષ્ટોત્તરી સ્નાત્ર વર્ણન.

દોહરો

છઠ તિથી બુધવારે હવે, અષ્ટોતરી વિધિ થાય;
જૈન શાસ્ત્ર અનુસારથી, લેશ થકી કેહવાય, ૧

ઢાળ—સાંભળારે તું સજની મોરી એ દેશી.

જગપતિ શેરે વંછિત લેવે, ત્રિકરણ શુદ્ધ કરિજેજી રે;
તે સમ્યગ્ દષ્ટિ શ્રદ્ધાથી, અવિચળ રિદ્ધિ વરિજે જગ, ૧

સાહ ગુલાબચંદ ને વાડીભાઈ, અગ્રેસરી વળી કહીએજીરે
ગોકળભાઇ વડોદરા વાસી નિરખી આનંદ લહીએ જગ૦ ૨
સ્નાત્રિયા શુદ્ધ થઇ સજી ભૂષણ, વસ્ત્ર ધરી બહુ મુલાજીરે;
આઠ પડો મૂખકોષ તથાપી, ઉત્તરાશણ અનુંકુળ જ૦ ૩
મંત્રોચ્ચારે દીપ પ્રગટ કરે, જમણે કર વળી જેણેજીરે
રક્ષાબંધન મિંઢળ બાંધે, મંગલ વરવા તેણે જ૦ ૪
મંત્ર ભણી તિલક કરિ ભાલે, થૈ સરવે તઈયારજીરે;
નૈવેદાદિક સકળ સામગ્રી, વિધિએ કરતાં સાર જ૦ ૫
પીઠ મનોહર પ્રતિમા જિનની, ચઉ સવિ સુખકર થાપીજીરે
મંગળ ચાર પ્રત્યક્ષ પ્રમાણો, માને નદિ ને પાણી જ. ૬
પોપટ ભાઇને ભ્રાત પિતામ્બર, વગેરે નિજ પરિવારજીરે;
કનક કળશ પંચામ્રત ભરિયા, કર ગ્રહી આતિમ સારે જ. ૭
અષ્ટોત્તરિ જિન સ્નાત્ર પાઠ ભણી, અષ્ટ સહિત સો વારજી,
જિન અભિષેક કરે વિધ વિધથી, પુજે સુદ્રવ્ય અપાર જ. ૮
પંચ શબ્દ વાજિંત્ર પ્રતેકે, વાજે સુસ્વર નાદજીરે
ગગન ગજાવિ માનુ હરિને કેહતા. નર ભવ ફળ જગનાદ જ. ૯
નિછરાવળ જિનપર ઉવારી, યાચકને દિયે દાનજીરે
ગાવે મંગળ ગીત પ્રભુનાં. સુંદરિયો કરે ગાન જ. ૧૦
અષ્ટોત્તરી પૂજા કરિ પ્રેમે. સ્નાત્ર કરે સુર જેમજીરે
તેમ ઇંદ્રા વળી આઠ પ્રકારે, સતર પ્રકારે ક્ષેમ જ. ૧૧
ધુળિયા ગામે જેહ નિવાસી, ગુણ નિષ્પન શુભ નામજીરે
સખા એટલે સાહ્ય યવુ તે, નિજપર આતમરામ જ. ૧૨
ફુલાભાઈ નિશ્ચય વ્યવહારે, વસ્તુ સ્વરૂપે જાણેજીરે

ઉચિત ક્રિયા દેશ વિરતીની, નિજશ ક્તિ રમાંણે જ. ૧૩
સખારાગજે સુખારાગજે, જિનપદ તેહની શેવરે
દસ ત્રિક સાચવી સુદ્ધ વિધાએ, કરતાં સુખ નિતમેવ જ. ૧૪

ઢાળ ૮ગી આવે આવેરે હરિ જિન ગેહ હરખે આવેરે (એદેશી)
શેવે શેવેરે જિનપતી પાય, હરખે શેવેરે;
લેવે લેવેરે સમકિત દાય, ગુણુમણુા લેવેરે (એ આંકણી)
ધન ધન જે જન પૂજા વિધિમાં, દ્રવ્ય સુભાવ મે શેવેરે
જિન આજ્ઞા ધરી કરૂણુા રસ ભરી, મનવંછીત ફળ લેવે હ ૧
જળ પુજા કરે આતિમ નિર્મળ, ચંદન શિતળ સ્વભાવેરે;
ક્ષાંતા દિક જે પરમ શિતળ ગુણ, સહેજે પરગટ થાવે હ. ૨
પુષ્પ વિવિધ વરમાળા પુજે, પામે ભાવ સુગંધરે;
ધુંપ દહન ભાવે ક્ષય થાવે, કડવુ કરમનો બંધ હ. ૩
દીપક સમ્યગ જ્ઞાન પ્રગટતાં, અનુભવ જ્યોતજ આવે;
સુદ્ધ યથારથ ધર્મ તત્વનો, પ્રકાશ પૂરણ થાવે. હ. ૪
અક્ષત અક્ષય પદ થાવાને, નૈવેદ વેદની વારેરે;
ફળશિવ અમ્રત મળવા માટે, અષ્ટગી ગતી સુખ સારે. હ. ૫
આરતી ભાવું ભ્રમણુ નિવારે, મંગળ દીપ ઉતારેરે;
શુદ્ધ મંગળ મહા આતમતણુા ગુણ, પ્રગટે ધ્યાન વિચારે. હ. ૬
ચૈત્યવંદન વળી શાન્તી કળશ કરી, જીન શાસન દીપાવેરે;
ભાવપૂજામાં જીનવર સ્તુતિવા, સ્તવન મધુર સ્વર ગાવે. હ. ૭

(સ્તવન.)

આવો આવોને (હાંકાં.) શીવ પૂજન જૈયે. એ દેશી.

વેળા વેળા આ (હાંહાંરે) વેળા વેળા આ સકળ ગણું ધન્ય
ધન આ. નરભવને
મેળા મેળા આ (હાંહારે) મેળા મેળા આપણુ થયા ધન્ય
ધન. પ્રભુદરિશણુને. (એ ટેક.)
પરમાત્મા તુઝ અપુર્વ દરિશણુ, દેખી દિલ અતિ હરિયુંરે
હવે અચળ પ્રિતિ તુમથી કરવા, મુઝમન નિશ્ચય કરિયુંધ. ૧
હે અવિનાશી સાશ્વત સૂણાયો, નિશ્ચિંત થૈને બેઠોરે;
પદમાશણુ આ પ્રગટ બતાવે, પણુ તે પ્હેલાં હેઠો. ધ. ૨
તું પણુ અનાદિ પરમાત્માનું, ધ્યાન અનુપમ ધ્યાયો રે;
તેથી આ તુંઝ "કેવળ[1] વૈભવ" પરમ અરથ પ્રગટાયો ધ. ૩
તિમહુંપણુ તુઝપદ પંકજ પર, ભ્રમર પરે ધરિ રાગરે;
ગ્રહણુ કરૂં અનુંભવ સુગંધીને, શેવ કરી લેઈ લાગ ધ. ૪
પરમેશ્વર પાસે હું અધિકો, પામું પરમાંણુંદરે;
અવિકારી છબિ અલૌકીક આ, સમસ્ત સદગુણુ કંદ. ધ. ૫
પાર ન આવે તુઝગુણુ કથતાં, વિમળ વિશુદ્ધિ વિશાળરે;
સુરગુરૂ સરખા તે પણુ થાકે, વરણુવતાં બહુ કાળ. ધ. ૬
ઉધરયા અનેક અપરાધીને, દુ:ખદવથી ઉગારયારે:
ભવસાગરથી પાર ઉતારયા, સહુ મન વાંછીત સારયાં ધ. ૭
તેંમ મ્હને વિશ્વાસ છે પક્કો, તુમ ભકતી શુભ ભાવેરે;
કરતાં માહરા સત્વર સધળાં, ભવનાં પાતિક જાવે ધ. ૮
હે અરિહંતાં છો ભગવંતાં' સહુ સંતા સિરદારરે;
પતીત પાવન પ્યારા માહરા, આતિમંના આધાર ધ. ૯

---

૧ કેવળ જ્ઞાનની આઠ માહા પ્રાતિહાર્યાદિક સંપત્તી.

[ગીતી]

કરગરિને કરૂં અરજી, સ્વિકારશો કરિ કૃપા જગત સ્વામી,
વાર વાર સિરનામી, હરખુ મન તુમ સેવ ભલે પામી. ૧

(મધુર વચનથી રાજા વશ છે. એ રાહ.)

ભવ દધિમાં અથુડાંતા થાક્યો, પાર ન પામ્યો હજીયે;
નરકાદિક રૈરવ દુઃખમાં પણ, ક્રોધે ચઢિયો કજીયે;
હા!! શું થાશેરે કાંઇ સુજતું નથી મુજને;
માન, કપટને, લોભ સમજિયો, દાતા દુઃખ પણ ભજિયો;
શૌચ સુગુણ સુવસ્ત્ર ન સજિયો, તિમ નિજ ધર્મને તજિયો.
પ્રભુજીરે સાહ્ય થશોજી મુઝને. ૨

" સાર્દુલવિક્રીડિત."

દાદા દાયક ધર્મ મર્મ સઘળા, ભાગી બધા ભર્મને;
આપો પર્મ નિધાન ધ્યાન ધરૂં હું, કાપો ગહા કર્મને;
આપો સ્થાનક જેહ અક્ષય તણું, સ્થાપો મ્હને તે વિષે,
સંભારૂં જગનાથ હું તમ તણા, આભારને અહનિશે. ૩

(નાટક કરતાં) (ખમાચ જિલ્લો દાદરો.)

જગપતિ જિન તરણ તારણ દુઃખ નિવારણ ધ્યારે,
હૃદય હરખ અતિ ભક્તિ પ્રભુ ચરણ શરણ મ્હારે,
ભવવન તણું ભ્રમણ સકળ ભય હરણ નિવારે. જ. ૧
ચરણ કરણ ધરણધરવર સ્મરણ ચિત સુધારે,

અશરણ શરણ પ્રભુ મનનું સરવ વાંછીત સારે જ. ૨
પ્રભુ ગુણગુનું પ્રદાન અતિમ અનુબંધ કરે જ્યારે
"ગિરધર" ઝટ "શિવવહુ" વર શફળ થાય ત્યારે જ. ૩

"આવત મોરારી" એ રાહ તાળ દાદરો,
પાવન થૈયેરે, પાવન થૈયેરે,
દરશ સરસ તત સારસ હરખ અધિક અધિક થાય;
નહિ સમાય હૈયેરે પા૦ (એ ટેક)
નિત તન મન વચન વિનય વીર્ય ભાવ દૈયે,
શિર નમાવી કહિયે, અખુટ ન્યાય લાભ લૈયે,
ભવ દધી તરી જૈયે, અચળ રહિયેરે પા. ૧

વચનામ્રત સારૂં સારૂં રે સુરત શહેર એ રાહ.
શંખેશ્વર જગપતા પાય, હરખ ભરે
સંખેશ્વરે સાક્ષાત દાય, ગુણગ્રાહી લવેરે, (એ ટેક)
ઇત્યાદીક શુભ દ્રવ્યભાવથી, નૃત્યકળા કરે ભાવેરે;
નિશ્ચે તેહને શિવ સુંદરી ઝટ, વરવા ઉત્સુક થાવે હ. ૮
તત બોધનો સ્પર્શ જેહને, આત્મીક ગુણ અનુકૂળરે;
(તે) અનુભવ દિવ્યૌળથી આગેગે, પ્રાઢે મીથ્યા શૂળ હ. ૯
શુભ વ્યવહાર માર્ગમાં ચાલે, નિશ્ચય અમ્રત પાંમેરે;
આત્મ સ્વભાવ પછી નહિ પલટ, વીભાવને તેવામે હ. ૧૦
નિશ્ચય ધર્મ તત્વ છે આતમ, સહજાનંદ સ્વરૂપરે;
અનંત ચતુષ્ટયી વંત છે નિર્મળ, અક્ષય એતો અનુપ હ. ૧૧

દ્રવ્યગુણુ પર્યાય આતમના, પરમ અરથ લઈ પ્રેમેરે,
સમ ભાવે રહી શિવ પાટણુમાં, પોચે સત્વર ક્ષેમે હ. ૧૨
ધન્ય;!! ધન્ય!! એ આતમ અર્થિને, ચરણે શીશ નમાવુ રે;
" ગિરધર " કહે તસ સુનજરથી હું પણ,
સમ્યગ ગુણુ મણિ પાવુ હ. ૧૩

(પોકળ પ્રકાશ) રાગ સદર.

કથની કરતાં જીભ ન દુઃખે, સમજુ આતમ શાણોરે;
ચતુર બની મહા મોહરાજની, મદિરામાં લલચાણો.
ભૂલ્યો ભોળોરે, ભોળો ભોળોરે ચેતનરાજ ભૂલ્યો. ૧૪
મોહવશે મૂરખ ટોળામાં, કુમત રંગે રંગાણોરે;
રેહેણી પટરાણી સજયાગે, જાતાં તો સરમાણો. ભૂલ્યો. ૧૫
નરભવ કલ્પવૃક્ષની શાખા, પાંમી પણ પરમાદેરે;
ક્ષુધા હરણુનો ઉદયમ ન કરે. વિષ ફળને આસ્વાદે. ભૂ. ૧૬
પાપ કૂપમાં પેખી નજરે, જ્ઞાન દિપક લઇ હાથરે;
ઝંપાપાત કરે જાંણીને, બહુ મૂરખનો નાથ. ભૂલ્યો. ૧૭

ઇતિ સારાંશ.

દોહરા.

સ્વામી વત્સળ છઠ દીને, જમાડીને ધરી ભાવ;
દુર્લભ આ નરભવ તણો, લીધો અતિ ઘણો લ્હાવ. ૧
વળી યાચક જન પ્રમુખને, આપે બહુ શીરપાવ;
પાઘડી શાલ પ્રમુખથી, સનમાને શુભ ભાવ. ૨

ત્રિતાળી ચોપાઇ, તથા પ્રથમ ગણપતિને લાગુ પાયરે તથા, ગાઓ ગાઓરે શ્રીમાળિની નારયોરે. એ દેશી.

આપે આપે એતો પુન્યશાળીરે, બલિનૃપનિ ઉદારતા ન્યાળીરે;
અંગુલાં આપે બહુ પાગરૂગારે, જેનું થાય અતિ ઘણું મુલરે. ૧
તેમાં પાઘડી તેનો પેહાગુરે, શાલ જોટાનું કહું શું વખાણુરે;
શેલાં સુંદર કશબી સાગુરે, દુપટ્ટાનું છે રૂપ રૂપાળુંરે ૨
વળી આપે ઘણા દાગીનારે, સોના રૂપાના જેમાં મણીનારે;
તેજે તુષ્ટ થયા જોઇ તેનો રે, બોલે નામ ગણીને હવેનારે. ૩
કડાં હાથે શોભે હેમ કેરાંરે, જન સર્વને ભાસે ભલેરાંરે;
હીરા કંઠી કોટે બહુ સોહેરે, કંદોરો કેડે મન મોહેરે. ૪
સિદ્ધી વેહને આપે વાળીરે, યાચકોની દરિદ્રતા ટાળીરે;
આથી જૈન ઉન્નતિ વધે ઝાઝીરે, ઘણી કીર્ત્તિ દસે દીસી ગાજીરે. ૫
ખાસ જૈનતાં પ્રભાવક પ્યારોરે, સમકીતનો લક્ષણ સારોરે;
તેનો રહેજથી સમજી શકાયેરે, બધે જૈનનો સુયશ ગવાયેરે. ૬

દોહરો

ખુશી થયા બહુ યાચકો, બોલે યશ જયવાદ
આશિર્વચનો હર્ષથી, વદે તજી પરમાદ. ૧

" સાર્દુલ વિક્રીડિત વૃક્ષ "

સ્વસ્તી શ્રી સુખ સર્વ વૈભવ મળો, સ્વેચ્છા પ્રમાણે સદા,
સઃપરિવાર સુ સંઘ સાથ સુખમાં, સાતા વસો સર્વદા;
અન્યાયી અરિઆપથી ડરઘરી, રાખો નહી ક્રૂરતાં,
આધિવ્યાધી ઉપાધિ જાય અળગી, નાવે ફરી તે કદા. ૧

શ્રી અર્હંત સુભક્તિ સક્તિ વધજો, વેલી યથા વાધતી.
સર્વે ઠામ સુકિર્તિ વિસ્તર પજો, ચઢતી રતીથી અતી;
શાસન દેવી સુદ્રુષ્ટિ સાહ્ય કરજો, સારા સવિ કાજમાં.
કોડ કલ્યાણ કરો તરો ભવનિધી, બેસી રૂડા (ધર્મ) ઝાઝમાં ૨

"ગીતી"

શ્રી જૈન ધર્મ પશાએ, મંગળ કમળા સ્નેહે આપવરે;
ગિરધર નિજ ઘર રહેતાં, સત્વર સરવે વાંછિત કાર્ય સરે ૩

"દોહરા, તથા ઇંદ્ર સભાનો રાગ."

એમ ઘણો આનંદ છે, આ વખતે ભરપૂર;
નગર નૃપતી નવાબને, ઉલટ આવી ઉર. ૧
નિજ પરિવારે પરવર્યા, સૈન્ય સહિત નરરાય;
આવી મંડપ નીરખતાં, અતિ આનંદીત થાય. ૨
પછી પધાર્યા શેઠની, કચેરીમાં ધરી પ્યાર;
શેઠે બહુ સનમાનીયા, ભેટ ધરી શ્રીકાર. ૩
સંગીત નૃત્ય નિહાળતાં, બહુ પામ્યા પોતે પ્યાર;
ભૂપ કહે એમ શેઠને, ધન્ય આપ અવતાર. ૪
બલિહારી તુમ કૃત્યને, એમ કહી અભિરામ;
બહુ મૂલા પટકૂળનું, ઈનામ આપતામ. ૫
પ્હેરામણી કરી શેઠનું, માન વધાર્યું અપાર;
સૈન્ય સહીત પાછા વળ્યા, નગર તણા દરબાર. ૬

દોહરા.

સહુ નરનારી અતિ ઘણી, શેઠને દીયે શાબાશ;

વખાણીને ધન ધન કહે, આપે છે જયવાદ. ૧
અષ્ટમી દીન રથ જાતરા, કરીને વળીયો સંઘ;
સમકિત સુરમણી દીપતો, દીન દીન ચઢતે રંગ. ૨
અન્ય દર્શણી આ થકી, પાંમી મન આહ્લાદ;
વખાણીને ધન ધન કહે, આપે છે જય વાદ. ૩

(અખિયાં મોરી જિનજીસે આજ લગી એ રાહ.
ધન્ય ! શેઠ "અમરચંદ" બલિહારી ધન્ય૦ એ આંકણી.
પુત્ર પૌત્ર છે સર્વ પ્રમાણીક, નગર વિષે કરૂણા ધારી ધ.
ધન્ય ! કમાઇ પુરી પુન્યાઇ ભાઇ, ધર્મ વિષે દૃઢતા સારી ધ. ૧
ધન્ય ધન્ય ! કુળ શ્રાવક કેરૂં, સત્યનણું ધર જયકારી ધ.
ધન્ય ! ધર્મ રસ દયા ભરેલો, સહુકોને મન સુખકારી. ધ ૨
ધન્ય ધન્ય તુમ માત પિતાને, રત્ન પ્રગટ કર્યાં મનોહારી ધ.
આખી ઉમ્મરમાં નહી જાણ્યો, આવો યજ્ઞ કર્યો ભારી ધ. ૩
લેખે લગાડવા લક્ષ્મી લલના, જગમાં કીર્તી વિસ્તારી ધ.
ઘણું જીવો શેઠ સહપરિવારે, એ આશિષ ભણીયે સારી ધ. ૪

"વિનંતી"

રાગ શ્યામ કલ્યાણ. શ્રી જગતપતી મમ આપ એ રાહ.
અનુપ આકૃતી જિન પાર્શ્વ જગપતી,
આપ ધ્યાને સૌખ્ય સંપતી અતી ધતી (એ આંકણી)
સ્થંભ બંદીરે મંડણ "સ્થંભણ" મનરંજન મહારાજ;
ભય ભવ ભંજણ સુરનર મુનિજન, નમે દેવ શીરતાજ આ. ૧

(હું) કરજોડી તુમ પદે શીશ નામું, શાસન નાયક "વીર"
"વર્ધમાન" શિવકર ઉચરૂં હું વિરામી ધરી ધીર. આ. ૨
પ્રવચન ભક્તિકારક નરનું, મહાત્મ ગતી અનુસાર;
પ્રકાશ કીધુ પ્રસીદ્ધ થાવા, આપ તણે આધાર. આ. ૩
તેમાં મંદ બુદ્ધીને યોગે, અધિક ન્યુન થઈ ભુલ;
હોય તેહ દુઃકૃત દૂર થાશો, આપ રહાય અનુકૂળ. આ. ૪
વિઘ્ન વીદારો વંછીત સારો, વિનતી સ્વિકારો સ્વામ;
"ગીરધર" કહે કરૂંણા કરી સાહેબ, આપો શિવપુર ધામ આ. ૫

'કળશ ઇમ સયળ સુખકર ગુણી પુરંદર, એ રાહ'
આણુહીલપુર "પાટણ" વિષે, વસનાર તે પુર સ્થંભમાં,
આ નવીન મ્હોત્સવ તણી રચના, વીલોકી આનંદમાં;
મતી બાલ્યથી ગુણ વર્ણવ્યા અનુમોદના ગીત ગાઈને,
સાદ્ધર્મિ સજ્જન આપશો મુજ માફ ભુલ નિહાળીને. ૧

"ગીતી લાવણી"

"અમુલખ" જૈન ધર્મમાં, "મ્હોકમ" નીત નમતા જિનપદ કજને;
સત્ય વીચારથી મનને, સમજાવી કહે ધર્મ ભુષણ સજને. ૨
સદગુરૂને નમી વિનયે, વ્રતધારી તે ધર્મકરણી કરતાં;
પુર્ણાયુ કરી પહોત્યા, પરલોકે નવકાર હૃદય ધરતાં. ૩
તે મમ વૃદ્ધ પિતાજી, શીવીર ગુરૂ સમ મુજને હીત ઘણે;
આક્ષર અંક ભણાવ્યો, જૈન જ્ઞાન અમીપાન કરાવ્યું મ્હને.

"કળશ પુર્વ ચાલ."

તસ પુત્ર ઠાકોર (ભોજક) "હેમચંદ" વિચક્ષણ મમ તાત તે,

જિન ભક્તી મધુર સ્વરે કરે, નીજ જન્મ સફળો ધન્ય તે;
"ગુરૂ રત્નત્રયિધર આત્મઅર્થી" પશાશથી "ગિરધર" ભણે,
શુદ્ધ ધર્મથી નીજ આત્મ રીદ્ધી વૃદ્ધી લહે સુખમાં ઘણે. ૫

ઇતિ અષ્ટાપદાદિ મહોત્સવ વર્ણન સંપુર્ણ.

દોહરો.

બીજનું તત્ત્વ તપાસતાં, સદગુરૂ ભવદધિ યાન;
સદહતાં સમકીતનું, વધે અધીકું વાન. ૧.

અથ ગુરૂ ગુણ વર્ણન ભાષ, પ્રારંભ.

(સાંભળજો મુની સંયમ રાગે એ દેશી.)

ધન્યા જગતમાં આજ સમોવડ, સદગુરૂ ભવ દધિ તરવારે;
જેનું દરિસણ તતક્ષિણ તતપર, સજ્જન મન સૂખ કરવારે ધ. ૧
પંચમ વિષ્ખમ કાળે પ્રાયે, દૂર્લભ તે મળવાને રે;
જે વિણુ ભવ્યો નિરૂદ્યમીછે, આત્મરિદ્ધી રળવાનેરે; ધ. ૨
દેશકાળ ભાવે આરાધક, સંજમમાં સુખ માણે રે;
યથા શક્તિ શુભ કિરિયા પાળે, પંચાંગી પરમાણેરે ધ. ૩
સુદ્ધ પ્રરૂપક તક આટકળિને, ભવ્ય જનોને ભાવેરે.
મિથ્યા કૂપક જોહ બતાવે, સમકિત પંથે લાવેરે; ધ. ૪
મૂળ ગુણે ચરિત્ર પવિત્રે, સૌમ્ય સ્વભાવ સુધારે રે:
મંદકષાય પ્રમાદ પણામાં, તે પણ શંકા વારે રે ધ. ૫
સમ્યગ જ્ઞાનની દેશના સાચી, ભવિજીવને સમજાવેરે;
અરથ અનોપમ નય ભંગે કરી, ધર્મ સૂધારસ પાવેરે;

તેહજ પરમ કૃપાળુ કહિએ, સમકિત (સૂર્ય) કિર્ણ પ્રસારેરે
મિથ્યા તમમાં " વિજય " મેળવી,
ધર્મ " નિતી " ગુણ ધારેરે ધ. ૭
તે ગુણ નિશ્ચન નામ યથારથ, " નિતી વિજય " ગુરૂરાયારે
બહુ ઉપગારી સૌ સુખકારી, *શેઠ નમે નિત પાયારે. ધ. ૮
રસ વૈરાગ હરેક વાતમાં, પુષ્ટ કરયામાં પુરારે;
સીંચી સજન મન કરે પ્રફુલીત, બોધ બીજ અંકૂરારે ધ. ૯
કેઈ જનોને ભવઉદધિનો, ભય દારણુ દેખાડીરે;
દિક્ષા દે સંસાર તજાવી, શ્રધ્ધા સત્ય પમાડીરે. ધ. ૧૦
એ ગુરૂ કેરા † વીરહ પડયો કોઈ. અશુભ કર્મ ઉદયે થારે;
"ગીરધર" નીજઘર રેહેતાં પ્રગટે નજરીધ્ધી પુન્યેથીરે. ધ. ૧૧

શ્રી દેવાદિદેવ સ્તુતિ રૂપ સ્તવન પ્રારંભ.

દુહો.

શાન્તીશ્રી શિવ સુખકરા, શાન્તી જીનેશ્વર રાય;
પ્રણમુ આપ પ્રભાવથી, નિત શુભ મંગળ થાય ૧

(શ્રી જગત્પતિ મમ આપ સન્મતિ એ રાહ.)

શ્રી જયંકરા જિન શાન્તી સાગરા.

---

*શેઠ અગરચંદ પ્રેમચંદને આ ગુરૂએ એટલે નિતી વીજય મહારાજે સદ્ધર્મની વાણી વડે બહુ ઉપગાર કર્યો છે, તે હાલ પણ તે મામુનીની સ્થાપના (પોટામાંહૃ છબી) નું દરીશણ કરવું પ્રાયે ભુલતા નથી.

†મુની મહારીજ નીં૦ વીં૦ સંવત ૧૯૪૭ ના આંમાસામાં સ્વર્ગવાસ કર્યો, ખંભાતમાં

શાંતી નાથ સોળમા પ્રભુ વિભૂ વરા.　　　　એ ટેક.
તીર્થંકર ભદ્રંકર ચક્રી, ત્રિભૂવન જન વિરાગ;
જગપાળક સૌ સંકટ ટાળક, ગુણ નિરપન જિનનામ શ્રી. ૧
આ સ્મરણ અમ એક ચિતથી, કરી વિનય ધરી ભાવ;.
પદ પંકજ પ્રણુમુ કરજોડી. દાતા દિલ લઈ દાવ શ્રી. ૨
મંડળીકપુર મંડણ મનહર, જોતાં તુમ દીદાર;
શોક અનળ ઉપશાંત થએથી, થાય પાપ પરિહાર શ્રી, ૩
હર્ષ સહિત વિનતી કરીએ તે સ્વિકારશો જગદીશ;
શિવપૂર જાતાં વિઘ્ન વિદારો, કહુંછું નામી શીશ. શ્રી. ૪
શ્રીજૈનેંદ્ર સૂદ્ધ ગુણ પ્રચ્છક વાંછક શિવ સૂખ સાર;
જાચે જય કમળાાર ગિરધર. ભવજળ પાળ ઉતાર. શ્રી. ૫

"સાર્દુલ વિક્રીડિત"

શ્રી પાર્શ્વ પ્રભુ ભકત વત્સળ પતી પ્રણુમુ ભલા ભાવથી,
કરજોડી કહું હું પ્રભુ તુમ ભણી, હર્ષે રૂડા કાવ્યથી;
સુખ સંપદ જય થાય મંગળ મહા, સૌ વિઘ્નના નાશથી
જ્ઞાન મળે સુખ કીર્તી સિદ્ધિ કમળા શ્રીગાલિયા પાસથી ૧

"પાટણ મંડણ પંચાસરા જિન સ્તવન"

સુરત મોરી ક્યા બીસરાનીરે એ ઠુમરીમાં;

જીણંદા તોરી છુબી લાગે પ્યારીરે, પાર્શ્વ પ્રભુ જીનવરજી.
શ્રીપંચાસરા પાટણ મંડણરે, વસ્યાછો ભવિ જીવ ઉપગારીરે જી.
ભવદુઃખ તાપ નિવારણ પ્રભૂનું દરશ શિવ સૂખ જયકારીરે જી
અનુપમ આંગી અજબ અલૌકિકરે,
નિહાળી આશા સફળી અમારીરે. જી. ૩

હે અલવેશ્વર શ્રીપરમેશ્વરરે મ્હારે તો એકયારી તમારીરે જી. ૪
કહું કરજોડી ભવ ભય કાપીરે આપોને શિવ કહે ગિરધારીરે જી

(મોહન મુખડુ બતલાવોરે, એ રાહ)

શ્રી સિદ્ધ સ્વરૂપ અનૂપભૂપ જગજીવન તારૂરે જિણંદ જી.
પાર્શ્વ પ્રભુ પુષ્કળ પુન્યેથી, મળીયા વંછીત પુરણ જેથી;
અપિલ ઉચરીયે નમ્ર પણેથી, શિવ સુખને સારૂરે જી. ૧
અસલ રીતી ઈચ્છીત આપ્યાની, નથી નવાઈ કષ્ટ કાપ્યાની
સહાય કરી ગણીધર બળતાની, કર્યા અહીપતી વારૂરે જી. ૨
ઉચ્ચપણે અરિહા ઉપગારી, ન્હવણ પશાય કર્યો સુખકારી
ગિરધર સૈન્યની જરા નિવારી એમ ધારો અમારૂરે જી. ૩

દયાને જીવનના ઝરારૂપ, અને સમકીતનું સ્થીર સદન શ્રાવક શિરોમણી અમરચંદ વિ૦ *જશરાજ સુરચંદ, વોરા. સઃ પરિવાર નામ ગર્ભિત શ્રી ભાવનગર મંડણ " શ્રી શાન્તી જિન સ્તવંન, "

(જ્ઞાનાદિક ગુણ સંપદારે એ દેશી)

સરસ્વતિને ચરણે નમીરે, પાંમી શુ ગુરૂ પશાય
" **શાન્તી** " જીણંદ ગુણ ગાવતાં રે, મન વંછીત ફળ થાય

---

* આ મદસ્થ શ્રાવક સમૂદાય ધર્મમાં અડગ સ્થંભ રૂપે છે અને જેની વંશપરંપરાથી જૈનોન્નતીની કરણી બહુજ વર્ણન કરવા ગોગ્ય સમો વસરણ ઉજમણાં, અઠ્ઠાઈમ્હોત્સવ, તીર્થ યાત્રા, જૈનશાળા, વગેરે અનેક ધર્મ કૃત્યો અનુક્રમે ચઢતા નંબરે પ્રસિદ્ધ પામે છે, અને પામશે. તથાસ્તુ

ભ.ગે રંગ આજનોરે, અમે ભેટયા શાન્તી જિનંરાય ભ, ૧ ટેક
ગજ પુરી નગરીનો ધણીરે; અચિરા માત મલ્હાર;
વિશ્વસેન નૃપ કુળ તિલોરે, ત્રિભુવનજન આધાર ભ. ૨
મરકી ઉપદ્રવ વારીનેરે, સુખ શાન્તી કરી સવાગ;
જગમાં માટે નિપજ્યુરે, ગુણ યુત શાંતી નામ ભ ૩
કંચન વરણ અનુપછે રે, ચાલીશ ધનુષ પ્રમાણ;
દેહ પ્રભુજીની દેખતારે, લહે સુખ પરમ સુજાણ ભ. ૪
લાખ વરસ પ્રભુજી તણુરે આયુ કહે સિદ્ધાંત;
સમેત શિખર ગિરી શિવવર્યારે, અક્ષય સુખ અનંત ભ. ૫
તે સુખકર જિનરાજનીરે, પ્રતિમા મનહર નાર
" ભાવનગર " મંડણ પ્રભૂરે, વંછીત ફળ દાતાર ભ' ૬
તે જિન ભક્તી રાગમાંરે તન્મય લીન સ્વભાવ;
જગત વિષે " જશરાજનોરે ", પ્રબળ પ્રતાપ પ્રભાવ ભ. ૭
કનક કચોળી કેશરેરે, ભરી કસ્તુરી બરાસ;
ઉપયોગે શુભ ભાવથીરે, " પોતી " શેવતી આશ. ભ. ૮
જિન મુખ " ચંદ્ર અમર " તણોરે, સુખકર શિતળ સ્વભાવ
" અમૃત " સમકીત મીઠડુંરે, આપે જસ દેખાવ ભ. ૯
" જગજીવન " જિન આગળેરે, સ્તવતાં ગુણ મણી માળ;
ઈહભવ પરભવ સહુ મળેરે, સંપતી અતી સુ વિશાળ ભ. ૧૦
" અમુલખ " મૂરત જિન તણીરે, ભવિને પરમ આધાર;
" મહોકમ " કહે મુજ સાહેબારે, ભવજળ પાર ઉતાર ભ.૧૧

અથ પાટણ મંડણ ભાભા પાર્શ્વજીન સ્તવન

" હમતો હે આશક " એ રાહ. તાળ ગજલ.

પ્રણમુ "ભાભા પાર્શ્વ પ્રભુ પ્રાણુ આધારા પ્યારા.
ભાવે જોડી હાથ ભાખુ નાથ નગીના મ્હારા પ્ર. ૧
પારસનો સ્વભાવ સાચો લોહનું કંચન કર્યાનો,
એતો છે દ્રષ્ટાંત નામ દ્રવ્ય દીદારા પ્યારા પ્ર. ૨
તું તો પ્રભુ ભાવ મિથ્યા મોહ લોહ ફેડીને,
આપે સમ્યગજ્ઞાન દાન હેગ જિનંદા પ્યારા પ્ર. ૩
મ્હારે પણ તેજ જોઇએ આત્મ રિદ્ધી સાસ્વતી,
કૃપા કરી આપશો જરૂર ઉદારા પ્યારા. પ્ર. ૪
હું તો મહા મૂઢ ઘણા ગૂઢ પાપનો નિધી,
જાણો તમે સર્વ તે કુઢંગ અપાર મ્હારા પ્ર, ૫
જાણિતાની પાંસે કેવું ઝાઝું નહી યોગ્ય મ્હને
માટે કરો માફ ગુન્હા પાર વિનાના પ્યારા પ્ર. ૬
(તારા) દાસનો હું દાસ ગીરધરલાલ છું ગમાર પતિ,
યાચુ રૂડા તત્વ તણા આપ્ય સુધારા પ્યારા. પ્ર. ૭

શ્રી સંભવજીન સ્તવન. તાળ લાવણી.

"રે કર્યો વેશાએ કેર ઊપજે ઝેર એ રાગમાં"

શંભવ જીનવર સાહેબ સર્વ વાકેબ, નમી મુજ એબ
પ્રભુથી અજાણી કહુ કરજોડી કરમરી કર્મની કાંણી એ ટેક,
સત્તાવન હેતુ બંધ તણોજ સબંધ પાપનો કંદ કદી નહી-
ટાળ્યો, અજ્ઞાને થઈ હું અંધ સુમાર્ગને બાળ્યો,
ગાળ્યો કુમતી નિચ નીર સાથ કરી પ્યાર જાણીને સાર-
રંગથી રાચ્યો, હું પ્રબળ બની બહુ રાગ દ્વેષમાં ગાજ્યો.

નાખ્યો જોથા નિરધાર અધીક સંસાર પડયો બહુ ગાર ન
રક દુઃખ ખાંણી કહુ કરજોડી કરીગરી કર્મની કાંણી. ૧
સ્થાનક મહા પાપ અઢાર ઠાર દુઃખકાર પેસવા પ્યાર પ-
રાણે થતો, પાંચે ઈંદ્રી અનુકૂળ વિષય રસ રાતો;
ખુચ્યો છું તે કાહવે અરે આભવે કરૂં શું હવે પ્રભુજી
પાખે નથી આતમમાંન સ્થાનકે મોહ મદય ચાખે,
ભાવરૂપ અનાદી અરે ચક્રમાં ફરે જીવ સંચરે વિનાજીન-
વાણી કહુ કરજોડી કરગરી કર્મની કાંણી. ૨
હાશાદિક નવ જાણુ ગળી નાખતા દળી, સુગુણની ફળી
સર. પણ થાકયો, માહા મોહ જોર મીથ્યાત્વ ઘાત મુજ તાકયો
જુગારા પંચપ્રમાદ કગવે વાદ બહુ વિખવાદ પજવવા પૂરા.
મન ક્રોધી કરી વશ હરે પુન્ય અંકુરા.
શી રીતે પાપ બળ ખરે, કેમ એ મટે ભવાબ્ધી તટે આવુ
હું પ્રાણી કહુ કરજોડી કરગરી કર્મની કહાણી. ૩
પ્રભુ આપ તણો આધાર અતિ સુખકાર અમોને સારમાં
પડયો ભાગ્યે, કરો કૃપા કૃપાળુ પ્રભુ સુમતિ મુજ જાગે,
મહારાં સહુ દુષ્કર્મને વિનાશી અને બોધ બીજને મહને
પ્રભુ આપો આ અરજ સ્વીકારી જરૂર દુખડાં કાપો;
ગીરધર તુંમ દાસનો દસ કહે રહી પાસ અવિચળ વાસ
આપ સુખ ખાણી પ્રભુ મનેએક પરણાવ મોક્ષ પટરાણી ૪

અથ શ્રી ખંભાત મંડણ સ્થભણ જિનસ્તવન

"ગીતી".

સ્થંભણ પાર્શ્વ પ્રભુજી પદ. પ્રણમુ કરજોડી સિરનામી.

આપ તણો છે મ્હારે, આશ્રય મ્હોટે હે શિવગતિ ગામી. ૧

'ગિરધારીરે વાત કહુ તે વિચારો. એ રાહ.'

જીનવરજીરે અરજી એક સ્વીકારો ભવસાગર પાર ઉતારો,
કરજોડીરે તુમ આગળ કે'નારો. નહી અવર કને જાનારો,
ગળ્યો તું પ્રભુ મોહનગારો, સુરતરૂ સમ ફળ દેનારો
ચિંતામણી સમ દાતારો એમ જાણીરે કહીએ તે અવધારો ભ.
જગજોતારે કોઈ નથી તુમ તોલે, એમ સુદ્ધ સિધાંતો બોલે.
સ્થંભણ પ્રભૂરે સ્થંભ. બંદર મંડણ છો, ભવિને ભયભંજણ છો.
"જાતિહુઅણ" સ્તોત્ર કહેછે, તુમ મહિમા ભવ્ય ગ્રહે છે;
મન અતિ આશ્ચર્ય લહેછે, આનંદરે અતિશય ગુણ ગૃહનારો ભ.
વળી મણિમયરે મુર્તી મન હરનારી, જાય સુરપતી સચી બલીહારી
દીઠેથીરે ભવ દુઃખ દુરકરનારી, લાગે સજ્જન મન પ્યારી
છે જેને શ્રદ્ધા સારી,' તેહને અવિચળ શીવનારી પરણાવે
વિઘ્ન વિદારી, ઈમ હું પણરે સદ્દહણા ધરનારો ભ. ૩
પ્રભૂ મ્હારારે અવિનાશિ અવિકારી, તુમ ધ્યાન અતિ સુખકારી;
સુદ્ધ ચિત્તેરે સ્મરણ કરે જયકારી, અંતર ભય બીત નિવારી;
ગિરધર આલંબન પ્યારો, મળ્યો આવતાં સુદ્ધ વિચારો;
નિજ ભાવને હવે પ્રસારો. તવ વેગેરે અભિષ્ટ સુખ વરનારો
થઉં અચળ યથા ધ્રૂ તારો. ૪ ઈતી.

પીયા બિના જિયા મેરા એ રાહ—

પ્રભુ તોસેં જિયા મેરા રહાહે લોભાય; જિંન તોસેં જિયામે. ટેક
અકળ નિરંજનરે નહી તેરે તનમનરે;
તેરી ગતી કયેસિ કહુ. જાની નહી જાય, પ્રભૂ ૧

અલખ અતિચરરે સબ સુખ નિરગલરે;
જ્યોતિ રૂપિ હે! અરૂપી મોકું તો બતાય પ્ર. ૨
દાસ ગિરધારીરે ગાવે બલિહારીરે;
હરિચરણ ચાહુ તેરો ઓર કછુ ના હે પ્ર. ૩ પ્રતી.

" સર્વ જગત તિર્થાધિરાજ શત્રુંજયગિરી પ્રથમ ભેટ. તા મનને અપૂર્વ આણંદનો અમૃતરસ મળે છે.

(શા. વી. વૃત.)

આ શું !! ભાગ્ય અપુર્વ આજ પ્રગટ્યું, તિર્થેશને ભેટું છું,
ધન્ય! ગણું દિન ધન્ય આ સમયને, પાપો બધા મેટું છું;
આહા! આજ કરમો અમે જનમ આ, લેણે અહિં આવતાં,
કરતાં હર્ષ ભરે વળી નયન એ, પાવન થતાં દેખતાં ૧
સફળ થઈ પળ આ ઘડી જનમમાં, આવી બહુ પુન્યથી;
જેમાં લાભ અપાર સાર મુઝને મળિયો પ્રભૂ નમનથી,
અભિલાષા મનની બધી પુરણ થૈ, સોહે કરૂ વંદના,
શ્રી સિદ્ધાચળ તિર્થરાજ પ્રભુને પ્રણમુ પતિત પાવના; ૨

"શિખરણી"

અહો મ્હારા નેત્રો સિધગિરી નિહાળ્યો પ્રથમતો,
તમે સર્થક આપ્યું તમ થકીજ લેખે જનમતો;
વિના વિઘ્ને સંપી દ્વિપદ પધાર્યા અહિં સુધી,
ભલા ભાગ્યોદયથી ભલપણ સુધારી સહ બુધી; ૩

(ભુજંગી વૃત.)

અહો!! હાથ બંને રહ્યા સંપી ભેળા,
કરો વંદના તો લહો સિદ્ધ મેળા;
અરે શીશ તું વિનયથી નમન આપો,

પ્રલે થાય છે આ સમે સર્વ પાપો. ૧
કપી ગજ તું કલ્પની શાખ પામી,
ન જાજે બિજે ભટકવા ઉમ કામી
નથી છાંહ્યમાં ગ્રીષ્મ દૌર્ભાગ્ય તાપો પ્રલે થાય. ૨
ચમત્કાર પામી રહે ચિત્ત હામે,
મહા મોજમાં ઓઘ આનંદ પામે;
ભલું ભાવતું વિર્ય જો સર્વ વ્યાપો પ્ર. ૩
અલૌકીક આ તિર્થનાં ચૈત્ય જોતાં;
પ્રભુ દર્શથી જાય દુઃકૃત્ય રોતાં,
નથી પાપ જ઼ત્તુ લિધે લાખ છાપો (તે) પ્ર. ૪
અહો!! ધન્ય છે ધન્ય જીવીત મહારૂ,
સ્તુતિ જિન તણી ભાવ સાથે ઉચારૂ.
કરે કોણ ગિજા નગામા જમાપો. પ્ર. ૫
સિધક્ષેત્ર પુડર ગિરી રાજ દીઠો,
ગજો ભાવ તો ચિત્તને મેવો મીઠો;
કહયુ ગિરધરે જન્મતો આજ લેખે,
વિના ભવ્ય તો એ નહી દ્રષ્ટી દેખે. ૬

"ગિતી"

ધન્ય!! ધન્ય!! આ વેળા,
પ્રથમ જિણેસર પ્રણમુ ભાવ થકી;
આ અગણિત હું પામ્યો,
નિર્મળ લાભ અપુર્વ અહિં નકી. ૭

"અમર રહો કિર્તી શુભ તારી"

અલૌકીક મુદ્રા પ્રભુ ત્હારી. જાઉં હું બલિહારી અ.
પુનીત શશી જિપક મુખ પેખી, સહુજો આશ અમારી અ. ૧

નયન કમળ નિરખે મન મધુકર, લહે ઉપશમ રસ કયારી અ. ૨
અમુલખ રૂપ રવિને છીપે, પદમાસન છુબી પ્યારી અ. ૩
પ્રથમ જિણેસર મુનિવર નરવર, યુગળા ધર્મ નિવારી અ. ૪
જિન શાસન ઉદ્દ્યોત પ્રસારક; તું પ્રભુ જગ જયકારી અ. ૫
કરજોડી કહું શિવપુર આપો, આટલી અરજ સ્વીકારી અ. ૬
ગિરધર તુંમ દરિસણ દીઠેથી, દુર્ગતી દુર નિવારી અ. ૭

(સર્વ જિન મંગળા ચરણ.)

" જય જય પ્રભુ ત્રાતા હે પ્રભુ ધાતા એ રાહ "
સવિ સુખકર સ્વામિ શિવગતી ગામી નર સુર વર વર રાય;
કરશો મુઝ પર સુ પશાય, મુઝ મનવંછીત સફળો થાય,
દિલ ધારી દયા કરો મ્હેર નજરનો દુરગતી બંધ કપાય.
રિષભાદિક ચોવિસ નર નિરજર મનહર જગગુરૂ જગરાય;
પ્રીતે પ્રણમું તુમ પાય સત્વર થાશો શિવ સુખ દાય
એ કરજોડી વિનતી કહુ તે સ્વીકારો ગિરધર તુમ ગુણ ગાય
શ્રી જયકર્યં જયકર્યં જય જય જય કર્યં સવિ સુખકર જિનરાય;

દુહો.

ગિરિ મેરૂ દધિ જબ લગેં,
રહે જબ લગેં શશિ સૂર;
ધરણીપર આ (પુસ્તક) તબ લગેં,
રહો અચળ સુખ પૂર.

સર્વ મંગલ માંગલ્યં સર્વ કલ્યાણ કારણં પ્રધાનં
સર્વ ધર્માણં જૈનં જયતિ શાસનં.

સમાપ્ત.

જાહેર ખબર.

આ ચોપડી નીચે લખેલા ઠેકાણેથી મળશે.

ખંભાત—શેઠ અમરચંદ પ્રેમચંદ જૈનશાળામાં. શા૦ ગુલાબચંદ તથા પરી બાપુલાલ મગનલાલ પાસેથી.

પેટલાદ—શેઠ ઠાકરશીભાઇ અમરચંદ.

મુંબઇ—શેઠ પોપટભાઈ અમરચંદ ઠે. હનુમાન ગલી.

અમદાવાદ—શેઠ લલુભાઇ સરચંદ સમાચારના માલીક.

ભાવનગર—શેઠ આમરચંદ વિ૦ જસરાજ વોરા ઠે. રાધનપરિ બજાર.

માંડળ—શેઠ ડાગર ભાઈચંદ વોહોરા.

પાટણ—ઠાકોર (ભોજક) હેમચંદ મ્હોકમ ઠે. રતનપોળ પાસે વાગોળના પાડામાં.